સુવિચાર
પતન તો અનેક રસ્તેથી થઈ શકે છે, પરંતુ સફળ થવાનો તો માત્ર એક જ રસ્તો હોય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૪/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ચૈત્ર વદ-૫ વર્ષ : ૧૬ અંક : ૧૦૮

SINCE 1999
હરિૐ
PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
કોલાવેરી શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૬,અમરેલી,મો.8999990099

## પોલીસ અધિક્ષક સંજય ખરાત અને એએસપી વૈદ્યની તપાસ દરમિયાન

# અમરેલીમાં ફરજમાં બેદરકાર ૧૪ પોલીસકર્મીઓ સસ્પેન્ડ

**જિલ્લા જેલ, ન્યાય મંદિર, તિજોરી કચેરી સહિતનાં સ્થળોએ તપાસ કરવામાં આવી**

**૧૪ પોલીસકર્મીઓ ફરજમાં ગેરહાજર હોવાથી એસપીએ આકરી કાર્યવાહી કરતા ફફડાટ**

**આગામી દિવસોમાં પણ જુદા-જુદા વિસ્તારમાં તપાસ કરવાની ઉચ્ચ અધિકારીઓની તૈયારી**

**પોલીસ અધિક્ષકની જેમ અન્ય વિભાગનાં અધિકારીઓએ પણ આકસ્મિક તપાસ કરવાની જરૂર છે**

અમરેલી, ૧૭

અમરેલી ખાતે આવેલ જિલ્લાજેલ, કોર્ટ પરિસર, ટ્રેઝરી કચેરી, એસ.પી. કચેરી શહીત જુદા જુદા સ્થળોએ સુરક્ષા માટે ગાર્ડ તરીકે મૂકવામાં આવેલા પોલીસ કર્મચારીઓ ફરજ પર હાજર છે કે કેમ ? તેની ચકાસણી માટે અમરેલીના એસ.પી. અને એ.એસ.પી. દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૪ જેટલાં પોલીસ કર્મચારીઓ ગેરહાજર જોવા મળતા તમામને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ કડક કાર્યવાહીથી અમરેલી જિલ્લા પોલીસ બેડામાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ અંગેની વિગતો આપતા અમરેલીના પોલીસ વડા સંજય ખરાતે જણાવ્યું કે, તેમના દ્વારા અને એસપી વલય વૈદ્ય દ્વારા જુદા જુદા સ્થળોએ ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ પોતાની ફરજ ઉપર હાજર છે કે કેમ ? તેની ચકાસણી કરવા માટે સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા કર્મચારીઓ પોતાની ફરજ ઉપર હાજર ના હતા અને રજા માટે તેમના દ્વારા કોઈપણ સક્ષમ અધિકારીની મંજૂરી પણ લેવામાં આવી ન હતી. આ પ્રકારે ફરજ દરમિયાન ગંભીર પ્રકારની બેદરકારી મળી આવતા આ તમામને તત્કાલ અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

આગામી દિવસોમાં પણ જિલ્લાના જુદા જુદા વિસ્તારમાં આ પ્રકારની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે અને જે પણ કર્મચારીઓ ફરજમાં બેદરકારી દાખવશે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવનાર છે. આ સમગ્ર ઘટનામાં જેલગાર્ડ ઉમેદકુમાર મનસુખલાલ મહેતા, જેલગાર્ડ હરેશભાઈ ધીરૂભાઈ મંડીર, સિવિલ પ્રિઝનલ ગાર્ડ કીશનભાઈ ભુપતભાઈ આસોદરીયા, સિવિલ પ્રિઝનલ ગાર્ડ વિજયસિંહ રૂપસિંહ સોઢા, ટ્રેઝરી ગાર્ડ જનકસિંહ અગરસિંહ ઝાલા, સુરેશભાઈ નાજભાઈ ખુમાણ, ઈવીએમ ગાર્ડ કનુભાઈ જોતીભાઈ પલાસ, ઈવીએમ ગાર્ડ શિવાભાઈ ભાવસંગભાઈ જારસાણીયા, વેરહાઉસ ગાર્ડ

અનુસંધાન પાના ૬ ઉપર

## ભોગ બનનારને ૪ લાખનુ વળતર ચુકવવા તેમજ

# અમરેલીમાં સગીરા સાથે બળાત્કારના કેસમાં આરોપીને આજીવન કેદની સજા

**ફરિયાદી તરફે વિથ પ્રોસીક્યુશન એડવોકેટ જે.આર. વાળાની દલીલો ગ્રાહ્ય રહી**



અમરેલી, તા. ૧૭

અમરેલી સીટી પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર ૩૦૪૭૯/૨૦૨૩થી ગુન્હો દાખલ થયેલ જેમાં આઈપીસી તથા પોકસો એક્ટ મુજબ ફરિયાદ દાખલ થયેલ જે કામે પૂરતા પુરાવા એકત્ર કરી નામદાર પોક્સો કોટમાં ચાર્જશીટ સબમીટ કરેલ જે કામે ફરિયાદી તથા ભોગબનનાર તથા પંચો, સરકારી સાહેદો, એફએસઆઈ અધિકારી, ડોકટર તથા કેસના તપાસ કરનારને તપાસતા અંતે આરોપી હરેશભાઈ મનુભાઈ માલવિયાને આજીવન કેદની સજા કરવામાં આવેલ તથા ભોગ બનનારને ચાર લાખ વળતર ચૂકવવામાં આવેલ જે કામે વિથ પ્રોસિટ્યુશન વિદ્વાન ધારાશાસ્ત્રી જે આર વાળા રોકાયેલા હતા.

## અમરેલીની સ્પે. પોક્સો કોર્ટમાં કેસ ચાલી જતાં ચુકાદો જાહેર

# લાઠીનાં એક ગ્રામ્ય વિસ્તારની તરૂણીને લગ્ન કરવાનાં ઈરાદે ભગાડી જનાર આરોપીને ૨૦ વર્ષની સજા

**ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૪ લાખનું વળતર ચુકવવા આદેશ**

અમરેલી, તા. ૧૭

લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૬ વર્ષ ૮ માસની ઉંમર ધરાવતી તરૂણીને લાઠી તાલુકાના જરખીયા ગામે રહેતા આરોપી સાડા ચાર વર્ષ પહેલાં લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે લગ્ન કરવાના ઈરાદે ભગાડીને લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. આ અંગેનો કેસ અમરેલીની એડી. સેશન્સ કોર્ટ અને સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની દલીલો અને પુરાવાના આધારે સ્પે. ન્યાયાધીશ દ્વારા આરોપીને કસુરવાર ઠરાવી ૨૦ વર્ષની સખત કેદ

અનુસંધાન પાના ૬ ઉપર

## પ્રેમસંબધ બાબતે એક યુવક અને તેના પિતા સહિત ત્રણ પર થયો હતો હુમલો

# દામનગરમાં મારામારીનાં બનાવમાં ઈજાગ્રસ્તોની ૧૧ દિવસ બાદ પણ સારવાર શરૂ રાખવામાં આવી

**આરોપીઓ હજુ ખુલ્લી હવામાં ફરતાં હોય કાર્યવાહી જરૂરી**

અમરેલી, તા. ૧૭

દામનગરમાં રામનવમીનાં પવિત્ર દિવસે એક યુવક ઉપર પ્રેમસંબધ બાબતે હુમલો થયા બાદ તેના પિતા અને પિતરાઈ ભાઈ ઉપર ૩ વ્યકિતઓએ હુમલો કરતાં તમામ ઈજાગ્રસ્તોની સારવાર હજુ પણ શરૂ થઈ છે. આરોપીઓ બનાવનાં ૧૧ દિવસ બાદ પણ પોલીસ પકકડથી દૂર હોય શહેરીજનોમાં અનેક પ્રકારની ગુફતેગુ જોવા મળી રહી છે.

સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ૬ એપ્રિલનાં રોજ કિરણભાઈ વિનુભાઈ કુંકવાવાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે હાર્દિકભાઈ મનસુખભાઈ રાધનપરા, અતુલભાઈ લાલજીભાઈ દલોલીયા અને અન્ય એક અજાણ્યા ઈસમ વિરૂધ્ધ જણાવેલ છે કે, તારીખ ૬/૪/૨૦૨૫ નાં બપોરનાં આશરે એકાદ વાગ્યાના સુમારે હું મારા ઘરે હતો તે બાબતે મોબાઈલ ફોનમાં ખોડીયારનગરમાં રહેતા હાર્દિકભાઈ મનસુખભાઈ રાધનપરાનો ફોન આવેલ અને કહેલ કે તું અહી હાવતડ રોડ ઉપર આવેલ ભારતી મીલ પાસે મને મળવા આવ તેવી વાત કરતાં હું એકલો આ હાર્દિકભાઈને મળવા ભારતી મીલ પાસે રોડ ઉપર ગયેલ. તે વખતે આ હાર્દિકભાઈ પોતાના મોટર સાયકલ ઉપર આવેલા અને તેની પાછળ કોઈ વ્યકિત બેઠેલા હતો જેનું નામ મને આવતું નથી પણ તે આંબળાના રહેવાસી

અનુસંધાન પાના ૬ ઉપર

## બાળકોને બાઈક આપતાં પહેલા વિચારજો

# અમરેલીમાં અકસ્માતનાં બનાવમાં બાળ કિશોરનાં મોટાભાઈ વિરૂધ્ધ ફરિયાદ

**બાઈક સવારે વૃધ્ધને હડફેટે લેતા કાર્યવાહી થઈ**



અમરેલી, તા. ૧૭

અમરેલી શહેરમાં ગત તા. ૨ ના રાત્રીના બુરહાની સ્ટીલ પાસેના જાહેર રોડ ઉપર એક વૃધ્ધને એક અજાણ્યા મોટર સાયકલ ચાલકે અથડાવી નાસી જતા અમરેલી સીટી પોલીસે આ અજાણ્યા મોટર સાયકલ ચાલકની

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
85,600/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૭/૦૪/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ
શ્રધ્ધાંજલિ

સ્વ. શૈલેષભાઈ હીરાલાલ રૂપારેલીયા
સ્વ.તા.૧૮-૦૪-૨૦૨૧, રવિવાર. મુ. અમરેલી.
આપનાં સ્નેહ સ્મરણ ના પુષ્પો મુરજાવાના નથી, વસ્યા સૌ આમ દિલમા કદી દૂર જવાના નથી,
સ્નેહ આશિષની અમીવર્ષા સદા અમો ઉપર વરસતી રહે પ્રભુ આપના દિવ્ય
આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના...
લી.
રૂપારેલીયા પરિવાર
અમરેલી એક્સપ્રેસ પરિવાર - અમરેલી

## સપ્ટેમ્બર અને ઓક્ટોમ્બર મહિનામાં ભારે નુકસાન થયેલ

# અમરેલી જિલ્લાનાં ખેડૂતોને થયેલ પાક નુકસાનનું વળતર ક્યારે ?

**જે તે વખતે ટૂંક સમયમાં વળતર આપવાની જાહેરાત માત્ર જાહેરાત રહી ગયાનો આક્ષેપ**

**ખેડૂતો નવા વર્ષની ખેતીની તૈયારી કરી રહ્યા હોય તાકીદે સહાય કરવી જરૂરી**

**અમરેલી જિલ્લાનાં ખેડૂતોને જ શું કામ નુકસાનીની સહાય ચુકવવામાં આવતી નથી**

**સાવરકુંડલાનાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે મુખ્યમંત્રીને પત્ર પાઠવીને રજૂઆત કરી**

અમરેલી, તા. ૧૭

સાવરકુંડલાનાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૪માં સપ્ટેમ્બર અને ઓકટોમ્બર મહિનામાં કમોસમી વરસાદ પડેલ જેમાં ખેડૂતોને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયેલ તે અંગે કોંગ્રેસ પાર્ટી ધ્વારા ધરણા પર પણ બેસેલ હતા. ત્યારે ઉપદંડક અને



અમરેલી ધારાસભ્યએ કૃષિમંત્રીનાં તા. ૨૩/૧૦/૨૦૨૪નાં પત્રને સોશ્યલ મીડિયા મારફત વાયર કરેલ તેમાં જણાવ્યા મુજબ અમરેલી જિલ્લાનાં ખેડૂતોને ટૂંક સમયમાં સહાય પેકેજ જાહેર કરવામાં આવશે તેવી અમરેલીનાં ખેડૂતોને હૈયાધારણા આપવામાં આવી હતી.

વધુમાં જણાવેલ છે કે, હાલ ખેડૂતો નવા વર્ષની ખેતી માટેની તૈયારી કરવામાં લાગ્યા છે. પણ હજુ સુધીમાં કમોસમી વરસાદથી થયેલ નુકસાની સામેની સહાય પેકેજ આપવામાં અમરેલી જિલ્લાને બાકાત રાખેલ છે. ત્યારે અમરેલીનાં નેતા ધ્વારા અમરેલી જિલ્લાનાં ખેડૂતોને મૃગજળની જેમ કૃષિમંત્રીનાં પત્રને વાયરલ તો કરવામાંનથી આવ્યો ને ? અમરેલી જિલ્લાનાં ખેડૂતો કરે છે સવાલ ? ખેડૂતો કયારે મળશે કૃષિ સહાય પેકેજ ? જવાબ આપશે અમરેલી ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા ? કે ફરી મૃગજળ સમી કરશે વાત ? કે વારે આવશે સરકાર ? આ તમામ પ્રશ્નનો ઉકેલ લાવવા અંતમાં જણાવેલ છે.

## શ્રી મોટા ચારોડીયા નાનાલાલભાઈ ત્રિવેદીના અદભુત વિજ્ઞાન ભવનમાં શિક્ષણ સાથે સન્માન કાર્યક્રમ થયો

અમરેલી, તા. ૧૭

મોટા ચારોડીયા મુકામે આજીવન શિક્ષક દંપતિ નાનાલાલભાઈ ત્રિવેદી અને શ્રીમતી ભાનુમતિબેન ત્રિવેદીના જીવન પર્યંતની સાધના થકી સાકાર થયેલ વિજ્ઞાન ભવન નિહાળવા અને શૈક્ષણિક યાત્રાના ભાગરૂપે તાજેતરમાં ઘોઘા તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી મીતાબેન દુધરેજીયા, ઘોઘા તાલુકાના કેળવણી નિરીક્ષક રાજેન્દ્રસિંહ ડોડીયા, અવાણીયા કુમાર શાળાના આચાર્ય નિલેશભાઈ જાની, નેસવડ પ્રા શાળાના આચાર્ય લક્ષિતભાઈ ઉપાધ્યાય, ઘોઘા કે.વ. શાળાના આચાર્ય સમીરભાઈ મહેતા, તણસા કે.વ.શાળાના આચાર્ય રાજેન્દ્રસિંહ ગોહિલ, વાળુકડ કે.વ શાળાના આચાર્ય સુરેશભાઈ પંડિત, ઉખરલા કે.વ શાળાના આચાર્ય નીરજભાઈ ભટ્ટ, મોટા ખોખરા કે. વ .શાળાના આચાર્ય મહેન્દ્રસિંહ સરવૈયા, કુકડ કે.વ શાળાના આચાર્ય સરસ્વતીબેન ત્રિવેદી તેમજ કરેડા શાળાના આચાર્ય તુષારભાઈ ચાવડા તેમજ પડવા શાળાના શિક્ષિકાબેન માલતીબેન તેમજ શીતલબેન તથા હેતલબેન સેએ ચારોડીયા મુકામે સરસ્વતીબેન ત્રિવેદી કુકડ કે. વ. શાળાના આચાર્યના નિમંત્રણને માન આપી પધાર્યા હતા. સૌપ્રથમ ચારોડીયા પ્રા.શાળાની મુલાકાત લીધી હતી. શાળાના આચાર્ય ઈન્દુમતી વી.ઘીનૈયાએ સૌને આવકાર્યા હતા. બધાનો પરિચય વિધિવત થયો હતો. ત્યારબાદ એક અનોખા અદભુત વિજ્ઞાન ભવન ચારોડિયામાં સૌ પધાર્યા હતા. સૌ મહેમાનોનું ભાવભીનું શાબ્દિક સ્વાગત સરસ્વતીબેન ત્રિવેદીએ કર્યુ હતું બધા મહેમાનોને હસ્તે ઓટોમેટિક દીપ યંત્ર દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧૬ દીવાઓ સ્વયં સંચાલિત થયા હતા. નિવૃત થનાર ઘોઘા તાલુકાના ટી.પી.ઈ. ઓ. બેન મીતાબેન દુધરેજીયાનેનું શાલ, પેન, ડાયરી, બુક, સન્માન પત્ર સરસ્વતીબેન ત્રિવેદી, લેખક સુધીરભાઈ મહેતા, લેખક વાસુદેવભાઈ સોઢા, યશભાઈ ત્રિવેદી ભાનુમતિબેન ત્રિવેદીના વરદ હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું. સૌ કેન્દ્રવર્તી શાળાના આચાર્યઓને હર્ષાબેન પાઠક, દિશાબેન ત્રિવેદી, જાગુબેન ત્રિવેદી, કૃપા ત્રિવેદીના વરદ હસ્તે શાલ, પેન, પુસ્તકો, ડાયરી તેમજ ગિફટ માં કાચના ગ્લાસ અર્પણ કરીને બહુમાન કરાયેલ. વિશેષ ઉપસ્થિતિમાં અનિભાઈ સેતા ચારોડિયા હાઈસ્કુલના શિક્ષક તથા નિવૃત્ત શિક્ષક મનસુખભાઈ ઝાલાવાડીયા તથા ચારોડિયા પ્રા.શાળાના શિક્ષક હિરેનભાઈ કે. ગણાત્રાને સન્માનિત કરાયા હતા, ત્યારબાદ વિજ્ઞાન ભવનની મુલાકાતમાં વિવિધ સંશોધન વિશે ૧૦૦થી ૨૦૦ પ્રકારના નમૂના વિશે વિજ્ઞાન ટેક્નિશિયન યશભાઈ ત્રિવેદીએ વિગતવાર માહિતી આપી હતી ટી.પી.ઈ.ઓ. બેન તરફથી હનુમાનજીની મૂર્તિ વિજ્ઞાન ભવનના સંશોધક નાના લાલભાઈ ત્રિવેદી તથા ભાનુમતિબેન ત્રિવેદીને અર્પણ કરવામાં આવી હતી મોટા ચારોડિયાના વિજ્ઞાન ભવનની મુલાકાત તથા કાર્યક્રમના નિર્માતા સરસ્વતીબેન ત્રિવેદીના અતિથિ બહુમાનથી પ્રભાવિત થયા હતા ત્રિવેદી પરિવાર મોટા ચારોડિયા દ્વારા સેનો આભાર દર્શન કરવામાં આવેલ હતો.

## પ્રદેશ કોંગ્રેસ અને અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા

# શ્રીમતી સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સામે કિન્નાખોરી રાખીને ઈ.ડી. દ્વારા ચાર્જશીટ કરવા સામે વિરોધ પ્રદર્શન

**વિરોધ પ્રદર્શન કરતા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓને પોલીસ દ્વારા ડિટેઈન કરવામાં આવ્યા**









અમરેલી, તા. ૧૭

મોદી સરકાર દ્વારા રાજકીય કિન્નાખોરી રાખી શ્રીમતી સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરૂધ્ધ ખોટી રીતે નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડી દ્વારા ચાર્જશીટ દાખલ કરાતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અને અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વિરોધ પ્રદર્શન કાર્યક્રમ કરવામાં આવ્યો. ઈડી ઓફિસ, માનવ મંદિર, અમદાવાદ ખાતે અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હિંતમસિંહ પટેલની આગેવાનીમાં પ્રદેશ કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.

ઉપરોકત વિરોધ પ્રદર્શનમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, અમદાવાદ વિરોધ પક્ષના નેતા શેહઝાદખાન પઠાણ, પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદીન શેખ, પ્રદેશ ઉપપ્રમુખ બિમલ શાહ, પ્રદેશ મહામંત્રી રાજુ બ્રહ્મભટ્ટ, પ્રદેશ મહિલા પ્રમુખ ગીતાબેન પટેલ, પ્રદેશ એસ.સી સેલના ચેરમેન હિતેન્દ્ર પીઠડીયા, પ્રદેશ પ્રવકતા અને મીડિયા કોઓર્ડિનેટર હેમાંગ રાવલ, પ્રવકતા પ્રગતિ આહિત સહિત પક્ષના વિવિધ આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જશવંતગઢ આંગણવાડી કેન્દ્ર ખાતે ૫૦ કિશોરીઓનાં એચ.બી. ટેસ્ટ અને વજન ઊંચાઇ સહિતની આરોગ્ય તપાસ કરવામાં આવી


















સમગ્ર ગુજરાતમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત એપ્રિલ ૨૦૨૫ તા.૮ થી તા.૨૨ સુધી ‘પોષણ પખવાડિયું – ૨૦૨૫’ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય રાજય અને દેશને પોષણયુકત બનાવવાનો છે. ‘પોષણ પખવાડિયું’ ઉજવણી અંતર્ગત અમરેલીના ચિતલ સેજાના જશવંતગઢ ખાતે ‘પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં અમરેલી આઈ.સી.ડી.એસ. પ્રોગ્રામ ઓફિસર દક્ષાબેન ભટ્ટ દ્વારા કિશોરીઓને પૌષ્ટિક આહારનાં મહત્વ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. સી.એચ.ઓ. હેતલબેન દ્વારા કિશોરીઓને માસિક ધર્મ વ્યવસ્થાપન અંગે અને એચ.બી. વિશે વિગતો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ૫૦ કિશોરીઓના એચ.બી. ટેસ્ટ અને વજન, ઊંચાઈ સહિતની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. વર્ષ–૨૦૨૫ના પોષણ પખવાડિયા માટે પાંચ મુખ્ય ક્ષેત્રો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં ગર્ભાવસ્થાથી બાળકના બીજા જન્મદિવસ સુધીના પ્રથમ ૧,૦૦૦ દિવસના સમયગાળામાં યોગ્ય પોષણના મહત્વ પર ભાર મૂકવો, સમુદાય આધારિત કાર્યક્રમ દ્વારા અતિ ગંભીર કુપોષણમાં સુધારણા માટે નક્કર કાર્યવાહી કરવી, બાળકોમાં સ્થૂળતાને અટકાવવા તંદુરસ્ત જીવનશૈલી અને ખોરાકની આદતો વિશે જનજાગૃતિ પ્રસાર– પ્રચાર જેવા વિષયો પર કામગીરી કરવામાં આવી રહી છે. ‘વિકસિત ભારત’ના નિર્માણમાં કુપોષણ મુક્ભારતનું નિર્માણ અત્યંત મહત્વનું છે. પોષણ અભિયાન એક નિર્ણાયક પગલું સાબિત થઈ રહ્યું છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં વર્ષમાં બે વખત, સપ્ટેમ્બર મહિનામાં ‘પોષણ માસ’ અને માર્ચ–એપ્રિલ મહિનામાં ‘પોષણ પખવાડિયું’ ઉજવણી કરવામાં આવે છે. આ અભિયાન પોષણક્ષમ આહાર અને સ્વસ્થ ભારતના નિર્માણ માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકની ટીમે ઐતિહાસિક સ્થળની લીધી મુલાકાત

# ધારીનાં હીરાવા ગામે ૫૦૦ મીટર ઊંચા ડુંગર ઉપર આવેલો છે ગુપ્ત મહેલ

**૩૫૦ થી ૪૦૦ વર્ષ અગાઉ મેથાળાનાં કિલ્લાનાં રાજા હરસુરબાપુ ખુમાણ હતા**

**મેથાળાનાં કિલ્લા સાથે કુંકાવાવ, ખાલપર, ફાચરીયા, રાયડી, સરાકડીયા સહિતનાં ૧૨ ગામો જોડાયેલ**

**હુમલાખોરોથી મહિલાઓ અને બાળકોને બચાવવા રાજવીઓ ગુપ્ત મહેલ બનાવતા**

**હરસુરબાપુની ૭મી પેઢીનાં વંશજ મંગળુભાઈ ખુમાણ પણ મુલાકાતમાં સાથે જોડાયા**



અમરેલી, તા. ૧૭

સૌરાષ્ટ્ર એટલે સંત અને શૂરાની ભૂમિ ગણાય ને આવી ભૂમિ પર ઐતિહાસિક વિરાસતની વારસાની ભેટો આજે પણ હયાત છે. પણ આવી વિરાસત ભરી ઐતિહાસિક વિરાસતનો વારસોથી આજની પેઢી અજાણ છે. ત્યારે ''અમરેલી એકસપ્રેસ'' આવી વિસરાઈ ગયેલી અદભુત અને ઐતિહાસિક વિરાસતને શોધી લાવી છે.

દેશની આઝાદી પહેલા રજવાડાઓ હતા ને રાજાઓ રાજ કરતા હતા. આજે ખળભળી ગયેલી દીવાલો ને ખંઢેર થઈ ગયેલી દીવાલો ૩૫૦ થી ૪૦૦ વર્ષ પૌરાણિક છે. ધારીના હીરાવા ગામે આવેલો ૫૦૦ મીટર ઊંચા ડુંગર પર આવેલો ગુપ્ત મહેલ.

૪ સદી એટલે ૩૫૦થી ૪૦૦ વર્ષ અગાઉ હરસૂરબાપુ ખુમાણ જે મેથાળાનો કિલ્લો હતો તેમના રાજવી હતા. સૌરાષ્ટ્રના જતી પુરૂષ સાથે વિખ્યાત જોગીદાસબાપુ ખુમાણના કુટુંબી ભાઈઓ હરસૂરબાપુ ખુમાણ જેમને મેથાળાના કિલ્લા સાથે મેવાસા સહિત ૧૨ ગામો ભાગમાં આવેલા હતા. જેમાં મેવાસા સાથે કુંકાવાવ, ખાલપર, ફાચરીયા, રાયડી, સરાકડીયા, અડધું વંડા જેવા ગામો ભોગવટા માટે ભાગમાં આવેલા હતા. ત્યારે અલગ અલગ પ્રાંગણના રાજવીઓ જે હુમલો કરીને ગામો કિલ્લાઓ કબ્જે લઈ લેતા એવા ભવ્ય ભૂતકાળમાં રાજવીઓ મહિલાઓ અને બાળકોને હુમલાખોરોથી બચવા માટે ગુપ્ત મહેલ બનાવતા આ એજ ગુપ્ત મહેલની વિરાસત હીરાવા ગામે ગીરના ગાઢ જંગલો વચ્ચે આવેલી છે. આજે પ્રથમ વાર ''અમરેલી એકસપ્રેસ'' વિસરાઈ ગયેલા વારસાની વિરાસત શોધવા રાજવી પરિવારના ૭મી પેઢીના મંગળુભાઈ ખુમાણ સાથે ત્યાં પહોંચ્યું હતું ને આ ગુપ્ત મહેલમાં એ સમયે ૪ ઓરડાઓ, ઘોડા રાખવા માટેની ઘોડાસર હતી પણ આજે માત્ર ગુપ્ત મહેલની દીવાલો ખળભળીને ખંઢેર થઈ ગઈ છે. હુમલાખોરો સામે તે સમયે લડવા માટે બંધુકના નાળચા રાખીને ફાયરિંગ કરી શકાય તેવી સુવિધાઓ રાખવામાં આવેલ જે આજે પણ હયાત છે. જયારે આ ૨૫૦ વર્ષ આસપાસ આ હરસુરબાપુ ખુમાણના વંશજો રાજ કરતા આવ્યા હતા ને એ પછી એભલબાપુ ખુમાણ આ ગુપ્ત મહેલ ખાતે રહેતા. ત્યારે હુમલાખોરો સામે લડાઈ કરતી વખતે વીરગતિ પામેલ જેમનો પાળિયો પણ હાલ મોજુદ છે. આ એભલબાપુ ખુમાણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા ત્યારે તેમના પગમાં પહેરેલ સોનાનો તોડો હુમલાખોર કાઢતો હતો ત્યારે ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં અડધી તુટેલી તલવારથી હુમલાખોરનું માથું વાઢી નાખ્યું હતું ને એ વડોદરા ગાયકવાડના સૈનિકનો પાળિયો પણ એભલબાપુની બાજુમાં હયાત છે. ત્યારે આજે ''અમરેલી એકસપ્રેસ'' આ હરસુરબાપુ ખુમાણના ૭મી પેઢીના વંશજ મંગળુભાઈ ખુમાણ આ ગુપ્તમહેલે ૩૦ વર્ષ બાદ પહોંચ્યું હતું ને ભવ્ય ભૂતકાળના સંસ્મરણો વાગોળ્યા હતા.

આ ગુપ્ત મહેલ અત્યારે ખંઢેર બની ચૂકયો છે પણ ભવ્ય ભૂતકાળમાં જતા આ ગુપ્ત મહેલમાં જો હુમલો થાય તો નાઠા બારી તરીકે નીકળીને નાસી જવા માટેની બારીઓ રાખવામાં આવેલી જે અત્યારે ખંઢેર હાલતમાં થઈ ગયેલી વિરાસતો અંગે ''અમરેલી એકસપ્રેસ'' દ્વારા મુલાકાત લઈને રાજવી ખુમાણ પરંપરાની વિરાસતો પુરાતન વિભાગ દ્વારા જળવાઈ રહે તો આવનારી પેઢીઓ આ અમૂલ્ય પૌરાણિક સાથે ઐતિહાસિક વિરાસતની યાદો જળવાઈ રહે.

### ડીઝલ મીકેનીક/એમએમવી/ઈલેકટ્રીશ્યન/ફિટર પાસ માટે

## અમરેલી, સાવરકુંડલા, બગસરા, ધારી, રાજુલા, ઉના, કોડીનાર ડેપોમાં એપ્રેન્ટીસની ભરતી


**૨૧ એપ્રિલથી અરજીપત્રકનું થશે વિતરણ**

અમરેલી, તા.૧૭

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમરેલી, સાવરકુંડલા, બગસરા, ધારી, રાજુલા, ઉના, કોડીનાર ડેપો ખાતે એપ્રેન્ટીસ એકટ ૧૯૬૧ અન્વયે મે/જુલાઈ–૨૦૨૫ના ભરતી સત્ર માટે એપ્રેન્ટીસની ખાલી જગ્યાઓ ભરવાની થાયછે. મીકેનીક સાઈડે ધોરણ ૧૦ પાસ ફરજીયાત તથા આઈ. ટી.આઈ.ના ડીઝલ મીકેનીક /એમ.એમ.વી./ ઈલેકટ્રીશ્યન/ ફિડર/ ટ્રેડમાં પાસ ઉમેદવારોની એપ્રેન્ટીસ તરીકે ભરતી કરવાની થાય છે. લાયકાત ધરાવતા ઉમેદવારોની ઉંમર જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખના રોજ ૧૮ વર્ષ હોવી ફરજીયાત છે. ઉમેદવારોએ તા.૨૧/૪/૨૦૨૫ થી ૩૧/૫/૨૦૨૫ સુધીમાં કચેરીનાં ચાલુ કામકાજના દિવસો દરમ્યાન અરજીપત્રક વિભાગીય કચેરી, લાઠી રોડ, અમરેલી ખાતેથી રૂબરૂમાં ફકત રૂા. ૫/–ની કિંમતે સમય ૧૧:૦૦થી ૧૪:૦૦ કલાક સુધીમાં મેળવી લેવાના રહેશે તથા તા.૨/૬/૨૦૨૫નાં રોજ સાંજના ૧૬:૦૦ કલાક સુધી ભરાયેલ અરજીપત્રકો સ્વિકારવામાં આવશે, ત્યારબાદ અરજીપત્રકો સ્વિકારવામાં આવશે નહી. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી અને આ માટે વધુ માહિતી મેળવવા વિભાગીય નિયામકની કચેરી, લાઠી રોડ, અમરેલી ખાતે રૂબરૂ સંપર્ક સાધવો.

વધુમાં સદર ભરતીમાં અરજી કરનાર ઈચ્છુક ઉમેદવારોએ નીચે દર્શાવેલ વેબસાઈડ https://www.apprenticeshipindia.Gov.in/ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન (જેમાં સ્કુલલીવીંગ સર્ટીફીકેટ, ૧૦ પાસ કર્યાની માર્કશીટ તથા આઈ.ટી.આઈનાં ટ્રેડમાં પાસ થવાની માર્કશીટ, આધારકાર્ડ પાસપોર્ટ સાઈઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે) ફરજીયાત કરવાનું રહેશે, જે ઉમેદવારો ધ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં નહી આવેલ હોય તેવા ઉમેદવારોના ફોર્મ રદ કમી પાત્ર ગણાશે. જેની તમામે ખાસ નોંધ લેવી.

## ૧૮ એપ્રિલ, ''વિશ્વ ધરોહર દિવસ''



અમરેલી, તા. ૧૭

દર વર્ષે ૧૮ એપ્રિલનાં દિવસને યુનેસ્કો દ્વારા ''વિ ધરોહર'' દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સમગ્ર વિમાં ખુબ જ સુંદર, પ્રાચીન અને ઐતિહાસિક મહત્વ ધરાવતી ઈમારતોનું રક્ષણ કરવા તેમજ લોકોમાં તેના પ્રતિ જાગૃતિ લાવવાનાં હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. કુલ ૧૬૭ દેશોમાં આ ધરોહર ફેલાયેલ છે.

વિમાં પદેશો એવા છે કે જયાં ઐતિહાસિક ધરોહરોની સંખ્યા ૪૦ થી વધુ છે. જેમાં ચાઈનામાં ૫૫, ઈટલીમાં ૫૫, સ્પેન ૪૮, જર્મની ૪૬, ફ્રાન્સ ૪૫ની સંખ્યા છે. ભારતમાં આ સંખ્યા ૩૮ છે. ઐતિહાસિક વારસાનાં મુખ્યત્વે ત્રણ પ્રકારો છે હિસ્ટોરિકલ, ડિસ્ટ્રોઈડ અને મોર્ડન. દુનિયામાં સૌથી મોટા ઐતિહાસિક વારસાની વાત કરવામાં આવે તો એ કીરીબાતી દેશમાં આવેલ ''ફોનિક્સ આઈસલેન્ડ'' છે જે ૪ લાખ ચો.કિમીમાં ફેલાયેલો છે અને સૌથી નાનું ગણાતું ઐતિહાસિક સ્થળ ચેક રિપબ્લિક દેશની અંદર આવેલું હોલી ટ્રીનીટી કોલમન છે જે માત્ર ૨૦૦ ચો.કિમીનાં વિસ્તારમાં ફેલાયેલું છે. અત્યાર સુધી કુલ ૫૩ સ્થળો એવા છે કે જે ''હેરીટેજ ઈન ડેન્જર'' તરીકે જાહેર થયા છે જેમાંથી ૧૭ કુદરતી સ્થળો છે અને ૩૬ સાંસ્કૃતિક સ્થળો છે. કાઝીરંગા નેશનલપાર્ક, લાલકિલ્લો, ખજુરાહોની અને એલીફન્ટાની ગુફાઓ, કોર્ણાક સૂર્યમંદિર, આગ્રાનો કિલ્લો વગેરે ભારતના પ્રચલિત ઐતિહાસિક સ્થળો છે.

– મિત્તલ ખેતાણી
(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)





ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












### માર્ગ સુરક્ષા માટે નિતિન ગડકરીનો માસ્ટર પ્લાન

# અકસ્માતમાં ઘાયલનો ૭ દિવસનો હોસ્પિટલનો દોઢ લાખ સુધીનો ખર્ચ સરકાર આપશે

## ચેન્નાઇ મેટ્રોમાં ૧૨૦ મીટરના અંતરે પિલર બેસાડી ખર્ચ બચાવવાના તમિલનાડુના નિર્ણયના ગડકરીએ વખાણ કર્યા

નવી દિલ્હી, તા.૧૭

ભારતમાં દર વર્ષે એક લાખ એંસી હજાર લોકોના મોત માર્ગ અકસ્માતમાં થાય છે અને તેમાં પણ સ્કૂલની સામે જ દર વર્ષે ૧૦,૦૦૦ બાળકો રોડ એક્સિડેન્ટમાં મૃત્યુ પામે છે. કેન્દ્રના માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકરીએ આ આંકડા આપી જણાવ્યું હતું કે માર્ગ સુરક્ષાના મામલે અમે લાંબા સમયથી કામ કરી રહ્યા છીએ પણ તેમાં અમને ધારી સફળતા મળી નથી. હવે અમે રોડ સેફ્ટી ઓડિટ કરાવી રહ્યા છીએ અને રાહવીર યોજના સહિત વિવિધ પગલાં ભરી દેશમાં માર્ગ અકસ્માતમાં થતાં મૃત્યુની સંખ્યા ઘટાડવાના પ્રયાસો કરી રહ્યા છીએ. રાહવીર યોજનામાં માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત વ્યક્તિને કોઈ રાહદારી સારવાર માટે હોસ્પિટલ પહોંચાડશે તો તેને રાહવીર યોજના હેઠળ ૨૫,૦૦૦ રૂપિયાનો એવોર્ડ આપવામાં આવશે. ગડકરીએ ઉમેર્યું હતું કે જો અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને સમયસર હોસ્પિટલમાં પહોંચાડવાનું કામ લોકો ઉપાડી લે તો તેનાથી દર વર્ષે ૫૦,૦૦૦ લોકોના જીવ બચી શકે તેમ છે.

કેન્દ્રના માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકરીએ માર્ગ સુરક્ષાની તેમના માસ્ટર પ્લાનની વિગતો એક ટીવી શોમાં આપતાં જણાવ્યું હતું કે હવે જે કોઈ ટુ વ્હીલર વાહન ખરીદશે તેને કોઈ સારી કંપનીની આઈએસઆઈ માર્કાની બે હેલ્મેટ પણ ફરજિયાત પુરી પાડવામાં આવશે જેથી ટુ વ્હીલર પર સવાર બંને જણાં હેલ્મેટ પહેરી શકે. માર્ગ અકસ્માતને અટકાવવા માટે સરકાર દ્વારા વિવિધ પગલાં ભરવામાં આવી રહ્યા છે તેની વિગતો આપતાં ગડકરીએ જણાવ્યું હતું કે હવે રોડ પર ફરજિયાત પ્રિ-કાસ્ટ લગાવવામાં આવશે. ફેક્ટરીમાં બનેલાં આ પ્રિ-કાસ્ટ હવે રોડ બેરિયર્સની જગ્યાએ લગાવવામાં આવશે. હાલ રોડ પર જે બેરિયર્સ લગાડવામાં આવ્યા હોય છે તેને લોકો ઓળંગીને બીજી તરફ જતાં કસ્માતો થાય છે. આવા અકસ્માતોને નિવારવા હવે આ બેરિયરની ઉંચાઇ વધારીને ત્રણ ફૂટ કરવામાં આવશે. આ ઉપરાંત તેની બંને તરફ એક એક મીટર જગ્યા છોડવામાં આવશે. આ જગ્યામાં કાળી માટી નાંખી છોડ લગાડવામાં આવશે. આમ, કોઈ હવે બેરિયર કૂદીને બીજી તરફ જઈ શકશે જ નહીં. તમિલનાડુ સાથે કેન્દ્ર સરકારને ભલે ગજગ્રાહ ચાલતો હોય પણ નિતિન ગડકરીએ ચેન્નાઈમાં નવી ટેકનોલોજી દ્વારા બનાવવામાં આવી રહેલી મેટ્રોના વખાણ કર્યા હતા. મલેશિયાથી લાવવામાં આવેલી આ ટેકનોલોજીને કારણે કરોડો રૂપિયાની બચત થઈ રહી છે. ભારતમાં સામાન્ય રીતે મેટ્રોના બે પિલર વચ્ચે ત્રીસ મીટરનું અંતર રાખવામાં આવે છે. પણ આ નવી ટેકનોલોજીમાં બંને પિલર વચ્ચેનું અંતર હવે ૧૨૦ મીટર રાખવામાં આવે છે. જેને કારણે ત્રણ પિલર બનાવવાનો ખર્ચ બચી જાય છે. આ જ રીતે ઉપરનો બીમ હવે સ્ટીલની જગ્યાએ ફાઈબરમાં કાસ્ટ કરવામાં આવે છે. વળી, પ્રિ-કાસ્ટનો ઉપયોગ વધવા સાથે પ્રદૂષણ પણ ઘટે છે.

જો કે, ભારતમાં જ્યાં લોકોને ચાલવા માટે પૂરતી ફૂટપાથની જોગવાઈઓ મોટાભાગના શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં બાકાત કરી નંખાઈ છે ત્યાં રોડની વચ્ચે બંને તરફ એક મીટર જગ્યા છોડવાની વાતોને નિષ્ણાતોએ તરંગી ગણાવી હતી. વળી, હાલ શહેરોમાં મોટાં રોડની વચ્ચે અવરોધ જો અતિશય ઉંચા બનાવવામાં આવશે તો રોડ ઓળંગવા માટે વાહનચાલકે મોટું ચક્કર લગાવવું પડશે. જેને કારણે બળતણનો ખર્ચ અને પ્રદૂષણ બંને વધી જશે. જ્યારે રાહદારીએ ફૂટઓવર બ્રિજ કે ભૂગર્ભ માર્ગના અભાવે રોડ ઓળંગવા માટે જ ટુ વ્હીલર વસાવવું પડે તો નવાઈ નહીં તેમ એક જાણકારે જણાવ્યું હતું. ટુ વ્હીલર પર બંને સવારો માટે હેલ્મેટ ફરજિયાત કરવાના નિર્ણયની ટીકા કરતાં એક વકીલે જણાવ્યું હતું કે આમાં તો ચેઇનચોરોને છૂટો દોર મળશે. બંને વાહનચાલકોએ હેલ્મેટ પહેરી હશે તો તેમને ઓળખવાનું સીસીટીવીમાં પણ અશક્ય બની જશે.

### અમેરિકન કંપનીમાં સેલરી સ્કેમ

# અમેરિકનમાં૨૦૦ ભારતીય સહિત ૭૦૦ લોકોની છટણીથી હોબાળો

## ‘ફેની મે’એ ૯ અને ૧૦ એપ્રિલના રોજ છેતરપિંડીનો આરોપ લગાવીને ૭૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા

વોશિંગ્ટન, તા.૧૭

અમેરિકાની દિગ્ગજ મોર્ગેજ કંપની ‘ફેની મે’એ ૯ અને ૧૦ એપ્રિલના રોજ છેતરપિંડીનો આરોપ લગાવીને ૭૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા છે, જેમાંના ૨૦૦ ભારતીયો છે અને એ ૨૦૦માંના મોટાભાગના તેલુગુ ભાષી છે. કર્મચારીઓએ તેલુગુ સંગઠનો સાથે સહયોગ કરીને કંપનીના ‘મેચિંગ ગિફ્ટ પ્રોગ્રામ’નો દુરુપયોગ કર્યો હોવાનો આરોપ છે. ફેની મેએ તેના પુનર્ગઠન પ્રયાસોના ભાગ રૂપે આ છટણી નૈતિક ધોરણોને આધારે કરી હોવાનું જણાવ્યું હતું. ફેની મે (ફેડરલ નેશનલ મોર્ટગેજ એસોસિએશન) એ અમેરિકન સરકાર દ્વારા પ્રાયોજિત કંપની છે. એની સ્થાપના ૧૯૬૮ માં કરવામાં આવી હતી.

‘મેચિંગ ગ્રાન્ટ’ એ ભંડોળનો એક એવો પ્રકાર છે, જેમાં દાતા અમુક-તમુક પ્રોજેક્ટ માટે દાન આપવા સંમત થાય છે, પરંતુ માત્ર ત્યારે જ જો અરજદાર વ્યક્તિ અથવા સંસ્થા પણ તે પ્રોજેક્ટ માટે ભંડોળનું યોગદાન આપે. ઉદાહરણ લઈને સમજીએ તો, ધારોકે તમે ઝૂંપડપટ્ટીના ગરીબ બાળકોને ભણાવવા માટે અભ્યાસ વર્ગ ચલાવવા માંગો છો. એ માટે જે ખર્ચ થાય એનો એક હિસ્સો તમે ફાળવો અને એને અનુરૂપ બાકીનો હિસ્સો બીજી કોઈ વ્યક્તિ કે સંસ્થા ફાળવે તો એ રીતે મળેલું દાન ‘મેચિંગ ગ્રાન્ટ’ કહેવાય. એનો હિસ્સો વન-ટુ-વન (એટલે કે બંને પક્ષે એકસમાન ફાળો આપવો), ટુ-ટુ-વન (બે ભાગ સંસ્થાના અને એક ભાગ અરજદારનો) કે પછી થ્રી-ટુ-વન (ત્રણ ભાગ સંસ્થાના અને એક ભાગ અરજદારનો) પણ હોઈ શકે.

મેચિંગ ગ્રાન્ટ્સનો ઉપયોગ મુખ્યત્વે શિક્ષણ, સ્વાસ્થ્ય અને સામાજિક સેવાઓ માટે થતો હોય છે. ફેની મે દ્વારા કાઢી મૂકવામાં આવેલા કર્મચારીઓએ આવી મેચિંગ ગ્રાન્ટમાં જ ધાંધલી કરી હોવાના આરોપ લગાવાયા છે. ‘મેચિંગ ગ્રાન્ટ’ પ્રોગ્રામનો દુરુપયોગ કરીને નાણાં હડપ કરવાને ઈરાદે કંપની પાસેથી ખોટી રીતે દાન કઢાવવામાં આવ્યું હતું.

ભંડોળનો દુરુપયોગ કરવા માટે ‘તેલુગુ એસોસિએશન ઓફ નોર્થ અમેરિકા’ (TANA) સાથે સાંઠગાંઠ કરવામાં આવી હતી. છૂટા કરાયેલા કર્મચારીઓમાંથી એક છદ્દછ ખાતે પ્રાદેશિક ઉપપ્રમુખ તરીકે કાર્યરત હોવાનું કહેવાય છે, જ્યારે બીજો એક ‘અમેરિકન તેલુગુ એસોસિએશન’ (ATA) ના ભૂતપૂર્વ પ્રમુખના જીવનસાથી છે. આ બે ઉપરાંત અન્ય સંગઠનો પણ આ કાંડમાં સંડોવાયેલા છે અને તેમની સામે તપાસ ચાલી રહી છે.

અમેરિકાના વર્જિનિયા રાજ્યના ભારતીય-અમેરિકન કોંગ્રેસમેન સુહાસ સુબ્રમણ્યમે ફેની મે પાસેથી આ મુદ્દે સ્પષ્ટતા માંગી છે. તેમનું કહેવું છે કે, ફેની મેએ સંપૂર્ણ તપાસ કર્યા વિના અને પુરાવા આપ્યા વિના જ ભારતીય અને અમેરિકન સમુદાયના કર્મચારીઓને કાઢી મૂક્યા છે.

### મેરઠમાં ડ્રમ પછી સાપ કાંડ

# મેરઠમાં મહિલા લવરની સાથે મળીને બની પતિની હત્યારી

## મહિલા અને પ્રેમીએ કબૂલાત કરી કે તેમણે સાથે મળીને અમિતની હત્યા કરી હતી અને તેઓનું અફેર ચાલતું હતું

મેરઠ, તા. ૧૭

મેરઠના સૌરભ હત્યાકાંડની ભયાનક યાદો હજુ પણ લોકોના મનમાંથી ભૂંસાઈ નથી અને તે દરમિયાન શહેરમાં આવી જ બીજી એક હત્યા થઈ છે. મેરઠના અકબરપુર સદાત ગામમાં, એક મહિલાએ તેના પ્રેમીની મદદથી પોતાના જ પતિની હત્યા કરી અને એક નાટક કર્યું જેથી લોકોને લાગે કે તેનું મૃત્યુ સાપના ડંખથી થયું છે. હત્યા છુપાવવા માટે મૃતક અમિત કશ્યપના પલંગ નીચે સાપ પણ ફેંકી દેવામાં આવ્યો હતો. પહેલી નજરે પોલીસને લાગ્યું કે અમિતનું મૃત્યુ સાપના ડંખથી થયું છે, પરંતુ પરિવારને શરૂઆતથી જ કાવતરું હોવાની શંકા હતી. તેમના આગ્રહ પર, અમિત કશ્યપનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું અને જ્યારે રિપોર્ટ આવ્યો, ત્યારે તેમાં સત્ય બહાર આવ્યું.

પોલીસના જણાવ્યા અનુસાર, રવિવારે મિકી ઉર્ફે અમિત કશ્યપનો મૃતદેહ તેના પલંગ પર મળી આવ્યો હતો. તેની નજીક એક સાપ મળી આવ્યો હતો અને તેના શરીર પર ઘણી જગ્યાએ ડંખના નિશાન જોવા મળ્યા હતા. આ કારણે પડોશીઓ અને પોલીસ તરત જ માની ગયા કે અમિતનું મૃત્યુ સાપ કરડવાથી થયું છે. પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પરિવારની શંકા સાચી સાબિત થઈ. રિપોર્ટમાં ખુલાસો થયો કે અમિતનું મૃત્યુ સાપના ડંખથી નહીં પણ ગૂંગળામણથી થયું હતું. આ વાત પ્રકાશમાં આવતાની સાથે જ પોલીસે તપાસ તેજ કરી દીધી. અંતે, જ્યારે તેને અમિતની પત્ની રવિતાનું વલણ શંકાસ્પદ લાગ્યું, ત્યારે તેમણે તેની ધરપકડ કરી અને તેની પૂછપરછ શરૂ કરી. આ પછી તેના પ્રેમી અમરદીપની પણ ધરપકડ કરવામાં આવી. બંનેએ કબૂલાત કરી કે તેમણે સાથે મળીને અમિતની હત્યા કરી હતી અને તેઓનું અફેર ચાલતું હતું.

મેરઠ ગ્રામીણ એસપી રાકેશ કુમાર મિશ્રાએ જણાવ્યું હતું કે અમરદીપે ૧૦૦૦ રૂપિયામાં એક સાપ ખરીદ્યો હતો. તેણે આ સાપ મેરઠના મહમૂદપુર શીખેડા ગામના એક મદારી પાસેથી લીધો હતો. હત્યાની રાત્રે, રવિતા અને અમરદીપ અમિત કશ્યપના રાત્રિભોજન પૂર્ણ કરીને સૂઈ જવાની રાહ જોતા હતા. તેના મૃત્યુ પછી, સાપને તેના શરીર પર છોડી દીધો જે તેને ઘણી વખત કરડ્યો. તેઓ બધાને બતાવવા માંગતા હતા કે અમિતનું મૃત્યુ સાપના ડંખથી થયું છે. ત્યાં ભેગા થયેલા લોકોએ સ્વીકાર્યું કે અમિતને સાપ કરડ્યો હતો અને તેના કારણે જ તેનું મૃત્યુ થયું હતું, ત્યાં સુધીમાં બંનેએ પોતાના ઉદ્દેશ્યમાં સફળતા મેળવી લીધી હતી. સાપને પકડવા માટે એક મદારીને પણ બોલાવવામાં આવ્યો અને તેણે પણ કહ્યું કે અમિતનું મૃત્યુ સાપના ડંખથી થયું છે. પછી વન વિભાગે તે સાપને જંગલમાં છોડી દીધો.પરિવારના સભ્યોને ખાતરી થઈ નહીં. તેમને કાવતરું હોવાની શંકા હતી. કેટલાક ગામલોકોએ પોસ્ટમોર્ટમ માટે પણ સલાહ આપી, તેથી મૃતદેહ મોકલવામાં આવ્યો. પછી જ્યારે હત્યાનો ખુલાસો થયો, ત્યારે પોલીસે રવિતા અને અમરદીપની ધરપકડ કરી. બંનેએ કહ્યું કે તેઓ એક વર્ષથી રિલેશનશિપમાં હતા. અમિત સાથે મજૂરી કરતો અમરદીપ વારંવાર તેના ઘરે આવતો હતો. ગામલોકોને પહેલાથી જ બંને પર શંકા હતી. આ કારણે લોકોએ અમિતના અચાનક મૃત્યુ પર શંકા વ્યક્ત કરી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે અમિતને થોડા સમય પહેલા તેની પત્નીના અફેર વિશે ખબર પડી હતી અને તે તેનો વિરોધ કરતો હતો. આ કારણે કપલે તેની હત્યા કરી. આ હત્યા પહેલા, બંનેએ ગુગલ અને યુટ્યુબ પર ઘણી પદ્ધતિઓ પણ શોધી હતી.

### ભારતની ફક્ત એક મહિલાને મળ્યું સ્થાન

# ટાઈમ મેગેઝિને બહાર પાડી વિશ્વના ટોપ ૧૦૦ પ્રતિભાશાળી લોકોની યાદી

## ભારતીય મૂળના રેશ્મા કેવલરમાણીનો પણ સમાવેશ

નવી દિલ્હી, તા.૧૭

ટાઈમ મેગેઝિને વર્ષ ૨૦૨૫ માં વિશ્વના સૌથી પ્રભાવશાળી લોકોની યાદી બહાર પાડી છે. ભારતીય મૂળના રેશ્મા કેવલરામાણીનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. રેશ્મા અમેરિકન બાયોટેકનોલોજી કંપની વર્ટેક્સ ફાર્માસ્યુટિકલ્સના સીઈઓ છે. તમને જણાવી દઈએ કે આ વર્ષે આ યાદીમાં સામેલ થનાર તે એકમાત્ર ભારતીય છે.

મુંબઈમાં જન્મેલી રેશ્મા માત્ર ૧૧ વર્ષની ઉંમરે પોતાના પરિવાર સાથે અમેરિકા ગઈ હતી. તે હાલમાં બોસ્ટનમાં રહે છે. તેમને બે જોડિયા પુત્રો પણ છે. ૧૯૯૮માં, રેશ્માએ બોસ્ટન યુનિવર્સિટીમાંથી લિબરલ આર્ટ્સ/મેડિકલ એજ્યુકેશન પ્રોગ્રામ પૂર્ણ કર્યો. આ પછી તેમને મેસેચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલમાં ફેલોશિપ મળી. આ પછી, ૨૦૧૫ માં, તેમણે હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાંથી જનરલ મેનેજમેન્ટમાં ડિગ્રી મેળવી. એક ફિઝીશિયન તરીકે, તેમણે મેસેચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલ, બ્રિઘમ અને મહિલા હોસ્પિટલ, અને મેસેચ્યુસેટ્સ આઈ એન્ડ ઈયર ઈન્ફર્મરી અને MIT સહિત અનેક મોટી હોસ્પિટલોમાં કામ કર્યું. ત્યારબાદ તેમણે બાયોફાર્મા ક્ષેત્રમાં પ્રવેશ કર્યો અને ૧૨ વર્ષથી વધુ સમય સુધી એમેઝોન માટે કામ કર્યું.

રેશ્મા ૨૦૧૭ માં વર્ટેક્સમાં જોડાઈ. ૨૦૧૮ માં, તે અહીં મુખ્ય તબીબી અધિકારી બની. ૨૦૨૦ માં કંપનીએ તેમને CEO બનાવ્યા. હાલમાં, તેઓ વર્ટેક્સના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્ય પણ છે. રેશ્માના નેતૃત્વમાં કંપનીએ સફળતા મેળવી છે. કંપનીએ બે નવી સારવાર પણ વિકસાવી છે, જેમાં ટ્રિફેક્ટાનો સમાવેશ થાય છે. તે સિસ્ટિક ફાઈબ્રોસિસ નામના ગંભીર આનુવંશિક રોગની સારવાર કરે છે. કંપનીએ VX-147 પણ વિકસાવ્યું છે. આ દવા હાલમાં પરીક્ષણના તબક્કામાં છે. તે એક પ્રકારના કિડની રોગ માટે અસરકારક છે. પહેલી વાર, યુએસ ડ્રગ એજન્સી FDA એ કંપનીની CRISPR ટેકનોલોજી પર આધારિત થેરાપીને મંજૂરી આપી, જે ’સિકલ સેલ’ નામના ગંભીર રોગની સારવાર કરે છે. તમને જણાવી દઈએ કે ટાઈમે ૨૦૨૫ માં ૧૦૦ સૌથી પ્રભાવશાળી યાદીમાં ૩૨ દેશોના લોકોને સામેલ કર્યા છે. આ યાદીમાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પથી લઈને માર્ક ઝુકરબર્ગ, વડા પ્રધાન કીર સ્ટારમર, બાંગ્લાદેશના વડા પ્રધાન મુહમ્મદ યુનુસ જેવા ઘણા લોકોના નામ શામેલ છે.

### સરકારે માગ્યો એક અઠવાડિયાનો સમય

# સતત બીજા દિવસે સુપ્રીમ કોર્ટમાં વકફ એક્ટ પર સુનાવણી ચાલી

## CJI એ કહ્યું, ”કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને વકફ બોર્ડે એક અઠવાડિયાની અંદર પોતાનો જવાબ દાખલ કરવો જોઈએ

નવી દિલ્હી, તા.૧૭

ગુરુવારે સતત બીજા દિવસે સુપ્રીમ કોર્ટમાં વકફ એક્ટ પર સુનાવણી ચાલી રહી છે. કોર્ટે બપોરે ૨ વાગ્યે આ મામલે સુનાવણી શરૂ કરી. આ પહેલા બુધવારે પણ કોર્ટમાં સુનાવણી થઈ હતી. આ સમય દરમિયાન, મુસ્લિમ પક્ષ અને કેન્દ્ર સરકારે પોતપોતાના દલીલો રજૂ કરી. કોર્ટે બુધવારે સંકેત આપ્યો હતો કે તે આ અંગે વચગાળાનો આદેશ આપી શકે છે. આ અંગે, કેન્દ્ર સરકારે બુધવારે સુનાવણી દરમિયાન કહ્યું હતું કે વચગાળાનો આદેશ આપતા પહેલા તેમની દલીલો સાંભળવી જોઈએ.
CJI એ કહ્યું, "કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને વકફ બોર્ડે એક અઠવાડિયાની અંદર પોતાનો જવાબ દાખલ કરવો જોઈએ." CJI એ એમ પણ કહ્યું કે, "૧૯૯૫ અને ૨૦૧૩ના વકફ કાયદાઓને પડકારતી અરજીઓને સુપ્રીમ કોર્ટની કારણ યાદીમાં અલગથી મૂકવામાં આવશે જેથી તેમની અલગથી સુનાવણી થઈ શકે." સુપ્રીમ કોર્ટ હવે આગામી સુનાવણી ૫ મેના રોજ કરશે.

સુપ્રીમ કોર્ટે વકફ એક્ટ કેસમાં કેન્દ્ર સરકારને જવાબ આપવા માટે સાત દિવસનો સમય આપ્યો છે. પાંચ દિવસ પછી, અરજદારોએ પોતાનો જવાબ દાખલ કરવાનો રહેશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને ખાતરી આપી હતી કે કાઉન્સિલ અને બોર્ડમાં કોઈ નિમણૂક કરવામાં આવશે નહીં. આગામી સુનાવણીની તારીખ સુધી, પહેલાથી જ નોંધાયેલા અથવા જાહેર કરાયેલા વકફ સહિત, વકફને ડિનોટિફાઈ કરવામાં આવશે નહીં કે કલેક્ટરને બદલવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કેન્દ્રએ સાત દિવસની અંદર પોતાનો જવાબ દાખલ કરવો પડશે.

સુપ્રીમ કોર્ટે આ કાયદા પર કોઈ સ્ટે મૂક્યો નથી. જોકે, તેણે ૨૦૨૫ના વકફ સુધારા કાયદા મુજબ સેન્ટ્રલ વકફ કાઉન્સિલ અને બોર્ડમાં કોઈપણ નિમણૂક અંગે એસજી તુષાર મહેતા દ્વારા આપવામાં આવેલી ખાતરીને રેકોર્ડ પર લીધી છે અને કહ્યું છે કે વપરાશકર્તા દ્વારા પહેલાથી જ વકફ તરીકે જાહેર કરાયેલી અને મૂળ ૧૯૯૫ના કાયદા હેઠળ નોંધાયેલ મિલકતોને ખલેલ પહોંચાડવામાં આવશે નહીં.

### દિગ્વિજય સિંહની કબૂલાત કે જીભલપસી?

# દંગા-ફસાદ કરવાને કે લિયે હમને બહુત મહેનત કી

## ભાજપ પર પ્રહાર કરતી વખતે દિગ્વિજય સિંહની જીભ લપસી હતી : તેમણે કહ્યું કે અમે રમખાણો કરાવવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો

ભોપાલ, તા. ૧૭

કોંગ્રેસ નેતા અને મધ્યપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન દિગ્વિજયસિંહનો એક વીડિયો વાયરલ થયો છે જેમાં તેમને એમ કહેતા સ્પષ્ટ સાંભળી શકાય છે કે ‘‘બાબરી મસ્જિદ શહીદ થયા પછી અમે હિન્દુ-મુસ્લિમ વચ્ચે તોફાનો કરાવવા બહુ મહેનત કરી હતી’’. હકીકતે ભાજપ પર પ્રહાર કરતી વખતે દિગ્વિજય સિંહની જીભ લપસી ગઈ. તેમણે કહ્યું કે અમે રમખાણો કરાવવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો. હવે એવો બચાવ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે, દિગ્વિજયસિંહ તો એવું કહેવા માગતા હતા કે અમે રમખાણો રોકવાનો બહુ પ્રયાસ કર્યો હતો.દિગ્વિજયસિંહના આ નિવેદનને ભાજપ દ્વારા કોંગ્રેસની કબૂલાત તરીકે પ્રચારિત કરવામાં આવી રહી છે. આ અંગે ભાજપના નેતાઓએ મધ્યપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યપ્રધાનને બરાબર ઘેરી લીધા છે. રાજ્યના રમતગમત અને યુવા કલ્યાણ વિભાગના મંત્રી અને ભાજપ નેતા વિશ્વાસ સારંગે કહ્યું કે દિગ્વિજય સિંહનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આમાં તેણે પોતે કબૂલ્યું છે કે તેમણે જ રમખાણો કરાવ્યાં હતા.ભાજપના નેતાએ પ્રશ્ન ઉપસ્થિત કર્યો કે, ‘‘સૌથી મોટી વાંધાજનક વાત એ છે કે તેઓ કહી રહ્યા છે કે બાબરી મસ્જિદ શહીદ થઈ હતી. શું તે શહીદ થઈ હતી? અમે લાંબા સમયથી કહી રહ્યા છીએ કે કોંગ્રેસના નેતાઓ રમખાણો ભડકાવવા માટે જવાબદાર છે. દિગ્વિજય સિંહે પોતે આ સ્વીકાર્યું છે. તેમનું નિવેદન વાંધાજનક છે. એ સ્થાપિત થઈ ગયું છે કે મિયાં દિગ્ગી રમખાણો ભડકાવવા માટે ટેવાયેલા છે.’’
ભાજપના મંત્રી સારંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર દિગ્વિજય સિંહનો વીડિયો પણ શેર કર્યો છે. આ સાથે તેમણે લખ્યું, ‘‘દિગ્વિજય સિંહની કબૂલાત સાંભળો. બાબરી મસ્જિદ શહીદ થઈ ત્યારે અમે રમખાણો કરાવ્યા હતા!’’ શાજાપુરના ચોબદરવાડી ખાતે મુસ્લિમ સમુદાય દ્વારા સદ્ભાવના સંમેલનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પૂર્વ મુખ્યમંત્રી અને રાજ્યસભા સાંસદ દિગ્વિજય સિંહે તેમાં ભાગ લીધો હતો. સભાને સંબોધતા દિગ્વિજય સિંહે કહ્યું, ‘‘જ્યારે બાબરી મસ્જિદ શહીદ થઈ ત્યારે હું કોંગ્રેસનો પ્રદેશ પ્રમુખ હતો. અમે હિન્દુઓ અને મુસ્લિમોને એકબીજાની વિરુદ્ધ કરીને રમખાણો કરાવવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો. ૧૯૪૭માં પણ ભોપાલમાં આવા કોઈ રમખાણો થયા ન હતા, પરંતુ બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવી ત્યારે રમખાણો થયા હતા.

### બેફામ વૃક્ષો કાપવા બદલ જેલ જવા તૈયાર રહો..

# સુપ્રીમ કોર્ટે તેલંગાણાની કોંગ્રેસ સરકારનો ઉઘડો લીધો

## બાંધકામ કરવું હોય તો કરો પરંતુ પહેલા મંજૂરી તો લો, પશુઓની સુરક્ષા માટે વોર્ડન તાત્કાલીક વ્યવસ્થા કરે

હૈદરાબાદ, તા.૧૭

ઓથોરિટીની મંજૂરી વગર જ હૈદરાબાદમાં ૧૦૦ એકરમાં બેફામ રીતે વૃક્ષો કાપવા બદલ સુપ્રીમ કોર્ટે તેલંગાણાની કોંગ્રેસ સરકારનો ઉધડો લીધો હતો. સુપ્રીમે કહ્યું હતું કે ૧૦૦ એકરમાં ફેલાયેલા જંગલનો નાશ કરવા માટે તમારા જે બુલડોઝર તૈનાત છે તેના પર અમારુ ધ્યાન છે, જો તમારે કોઈ બાંધકામ કરવું હતું તો પહેલા મંજૂરી લીધી હોત, જંગલને કાપતી વખતે તેમાં રહેતા પશુઓની જે હાલત થઈ છે તેના વીડિયોની પણ સુપ્રીમ કોર્ટે નોંધ લીધી હતી.
સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બીઆર ગવઈ અને ન્યાયાધીશ એજી મસિહની બેંચે તાત્કાલીક આ પશુઓની સુરક્ષા માટે રાજ્યના વાઈલ્ડલાઈફ વોર્ડનને પુરતી વ્યવસ્થા કરવા આદેશ આપ્યો હતો. એટલુ જ નહીં સુપ્રીમ કોર્ટે ચેતવણી આપી હતી કે જમીનને ફરી જંગલમાં ફેરવવામાં ના આવી તો જવાબદાર અધિકારીઓ સામે આકરા પગલા લેવામાં આવી શકે છે, તેમને જેલ પણ થઈ શકે છે. આ મામલે હવે ૧૫મી મેના રોજ ફરી સુનાવણી કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બીઆર ગવઈએ કહ્યું હતું કે જો તમારે તમારા મુખ્ય સચિવને બચાવવા હોય તો અમને જવાબ આપો કે આ ૧૦૦ એકર જમીનમાં ફરી વૃક્ષો કેવી રીતે સ્થાપિત કરશો? યોગ્ય પ્લાન સાથે આવો, નહીં તો અમે નથી જાણતા કે તમારા કેટલા અધિકારીઓ જેલ જશે. માત્ર ત્રણ જ દિવસમાં આ વૃક્ષોનું નિકંદન કાઢવાની શું ઉતાવળ હતી? જો તમે ફરી જંગલ સ્થાપિત કરવાની ના પાડશો તો તમારા અધિકારીઓની જેલ માટે તૈયાર રહો. આ દરમિયાન એક પણ વૃક્ષ કાપવામાં નહીં આવે. તેલંગાણા સરકાર દ્વારા હૈદરાબાદમાં કાંચા ગચીબોલી વિસ્તારમાં ૧૦૦ એકરના જંગલ વિસ્તારમાં રાતોરાજ બુલડોઝર અને ભારે મશીનરી દ્વારા વૃક્ષો કાપવામાં આવ્યા હતા, આ વિસ્તારમાં મોર સહિતના પક્ષીઓ રહે છે જેઓને ભારે મુશ્કેલી થઈ હતી, સોશિયલ મીડિયા પર પશુ-પક્ષીઓની હાલતના વીડિયો અને તસવીરો વાયરલ થયા હતા. જેની સુપ્રીમ કોર્ટ દ્વારા પણ નોંધ લેવામાં આવી છે. કેટલાક પશુ-પક્ષીઓને રખડા કુતરાઓ દ્વારા ફાડી ખવાયા હતા. જે જોઈને અમે વિચલિત થઈ ગયા તેમ સુપ્રીમે કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે હાલ આ બુલડોઝર કાર્યવાહીને અટકાવી દીધી છે સાથે જ રાજ્ય સરકારનો ઉધડો લીધો છે. હવે આ મામલે ૧૫મી મેના રોજ વધુ સુનાવણી થશે.

### ઈન્દોરની હવા પર ખરાબ અસર પડી રહી છે

# ખેતરોમાં પરાલી સળગાવનારા ખેડૂતો વિરુદ્ધ કડક કાર્યવાહી

## જિલ્લામાં ૪ દિવસમાં પરાળી સળગાવવા બદલ ૭૭૦ ખેડૂતો પર કુલ ૧૬.૭૧ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો

ઈન્દોર, તા.૧૭

મધ્ય પ્રદેશના ઈન્દોર જિલ્લામાં વહીવટી તંત્રે ખેતરોમાં પરાલી સળગાવનારા ખેડૂતો વિરુદ્ધ કડક કાર્યવાહી કરી છે. ખેડૂતોને ભારે દંડ ફટકારવાની સાથે ખેતર માલિકો સામે કેસ નોંધવાનું શરૂ કરી દીધું છે. બીજી તરફ ખેડૂત સંગઠનોએ આ કાર્યવાહીનો વિરોધ કર્યો છે અને પરાળીનો નાશ કરવા માટે વ્યવસ્થાની માંગ કરી છે.જિલ્લા મેજિસ્ટ્રેટ આશિષ સિંહે કહ્યું કે, અમે નિયમો અને કાયદા અનુસાર ખેતરોમાં પરાળી સળગાવનારાઓ સામે કડક કાર્યવાહી કરી રહ્યા છીએ. આવી હરકતના કારણે દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે સ્થાન મેળવનાર ઈન્દોરની હવા પર ખરાબ અસર પડી રહી છે. અન્ય એક વહીવટી અધિકારીએ જણાવ્યું કે, જિલ્લામાં ૪ દિવસમાં પરાળી સળગાવવા બદલ ૭૭૦ ખેડૂતો પર કુલ ૧૬.૭૧ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો છે.તેમણે કહ્યું કે, જિલ્લા મેજિસ્ટ્રેટે પરાળી બાળવાની ઘટનાઓને રોકવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધિત આદેશ પણ જારી કર્યો છે. પરાળી બાળવાથી પર્યાવરણ, સામાન્ય લોકો અને પ્રાણીઓને થતા નુકસાનને રોકવા માટે આ આદેશ જારી કરાયો છે.
પ્રતિબંધક હુકમનું ઉલ્લંઘન કરવા બદલ સંબંધિત ખેતર માલિકો સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૨૩ હેઠળ જિલ્લામાં ત્રણ કેસ દાખલ કરાયા છે.
કાયદાકીય જોગવાઈ હેઠળ દોષિતને એક વર્ષ સુધીની કેદ અથવા ૫,૦૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજા થઈ શકે છે. બીજીતરફ ખેડૂત સંગઠનોએ આ કાર્યવાહીનો વિરોધ કરી વાંધો ઉઠાવી રહ્યા છે.પશ્ચિમ મધ્યપ્રદેશના માલવા-નિમાડ ક્ષેત્રમાં સંયુક્ત કિસાન મોરચાના કન્વીનર રામ સ્વરૂપ મંત્રીએ કહ્યું કે, અમે સહમત છીએ કે ખેતરોમાં પરાળ સળગાવવી ખોટી છે, પરંતુ આવા કિસ્સાઓમાં ખેડૂતોને અચાનક દંડ ફટકારવો અન્યાયી છે. તેમણે માંગ કરી કે, કૃષિ વિભાગના અધિકારીઓ ગામડાઓની મુલાકાત લે અને પરાળીનો નાશ કરવા માટે અન્ય વ્યવસ્થા કરે.

# અમદાવાદ : અસામાજિક તત્વોએ જાહેરમાં યુવકનું અપહરણ કરતા ચકચાર

## ચાર શખ્સોએ સાથે મળીને એક વ્યક્તિનુ અપહરણ કર્યુ

અમદાવાદ, તા. ૧૭

રાજ્યમાં વધતા જતા અસામાજિક તત્ત્વોના ત્રાસને ઓછો કરવા અને કાબૂમાં કરવા માટે ગુજરાતની પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આમ છતાં પોલીસ અસામાજિક તત્ત્વો પર લગામ કસવામાં નિષ્ફળ નીવડી છે. અમદાવાદ રખિયાલમાં એક વ્યક્તિના અપહરણની ઘટના સામે આવી છે. ૪ શખ્સોએ સાથે મળીને એક વ્યક્તિનુ અપહરણ કર્યુ. અપહરણકારોએ ચાકુ અને બેઝ બોલનો દંડો દેખાડીને અપહરણની ઘટનાને અંજામ આપ્યો. આ મામલે રખિયાલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. થોડા મહિના અગાઉ જ રખિયાલમાં અસામાજિક તત્ત્વો દ્વારા પોલીસની હાજરીમાં આતંક મચાવવાની ઘટના ઘટી હતી, ત્યારબાદ ફરી એકવાર રખિયાલમાં યુવકનું અપહરણ કરી ઢોર માર માર્યો હોવાના સીસીટીવી સામે આવ્યા છે. જેમાં જોઈ શકાય છે કે ચાર શખ્સ ટુ-વ્હીલર પર બેસીને આવે છે અને એક વ્યક્તિને દંડા વડે માર મારે છે અને તીક્ષ્ણ હથિયાર બતાવીને અપહરણની ઘટનાને અંજામ આપે છે. અપહરણકારો યુવકને મોરારજી ચોક લઈ ગયા હતા, જ્યાં તેને બેઝબોલના દંડા વડે ઢોર મારવામાં આવ્યો હતો.. ઈજાગ્રસ્ત યુવકને હાલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છેપ પોલીસે આ ઘટનામાં આરોપીઓની અટકાયત કરી છે. ફરીયાદીને આરોપીઓ સાથે અગાઉ ઝગડો થયો હતો, જેની અદાવત રાખીને તેનું અપહરણ કરાયું હતુ.

# આરોગ્ય માટે જોખમી ૩૫ દવાના ઉત્પાદન, વેચાણ પર પ્રતિબંધ

## રાજ્યોના ડ્રગ્સ કંટ્રોલર્સે યોગ્ય પ્રક્રિયા વગર ફિક્સ્ડ-ડોઝ કોમ્બિનેશન દવાના લાઇસન્સ આપ્યા હતાં

નવી દિલ્હી, તા.૧૭

દેશની સર્વોચ્ચ દવા નિયમનકારી સંસ્થા CDSCOએ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પેઇનકિલર્સ, ન્યુટ્રીશન સપ્લિમેન્ટ્સ અને ડાયાબિટીસ વિરોધી દવાઓ સહિત માન્યતા ન ધરાવતી 35 ફિક્સ્ડ-ડોઝ કોમ્બિનેશન દવાનું ઉત્પાદન, વેચાણ અને વિતરણ બંધ કરવાનો આદેશ આપ્યો છે.તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ડ્રગ્ર કંટ્રોલર્સને આવી ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન દવા (FDC)ને માન્યતા આપવાની પ્રક્રિયાની સમીક્ષા કરવા માટે પણ આદેશ અપાયો છે. આવી માન્યતામાં ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ 1940 અને નિયમોની જોગવાઈનું કડક પાલન કરવાની પણ તાકીદ કરાઈ છે. FDC દવાઓ એવી હોય છે કે જેમાં બે કે તેથી વધુ એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ્સ (API)નું નિશ્ચિત પ્રમાણમાં મિશ્રણ હોય છે.ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) ડૉ. રાજીવ રઘુવંશીએ 11 એપ્રિલે એક પત્ર પાઠવીને આ આદેશ આપ્યો હતો. આ પત્રમાં DCGIની યોગ્ય મંજૂરી વિના દેશમાં નવી દવાની વ્યાખ્યા હેઠળ આવતી FDC દવાઓના વેચાણ માટેના ઉત્પાદન લાઈસન્સ આપવા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. રાજ્યની લાઈસન્સ આપતી ઓથોરિટીઓને આવી ચિંતા સાથે સમયાંતરે અનેક પત્રો જારી કરવામાં આવ્યા છે. આમ છતાં રાજ્યની લાઈસન્સ આપતી ઓથોરિટીઓ બિનમાન્યતાપ્રાપ્ત એફડીસીના ઉત્પાદન અને માર્કેટિંગને મંજૂરી આપે છે.ડિરેક્ટોરેટના ધ્યાનમાં આવ્યું છે કે ડ્રગ્સ અને કોસ્મેટિક્સ એક્ટ 1940 હેઠળ NDCT નિયમો 2019ની જોગવાઈ અનુસાર સલામતી અને અસરકારકતાના પૂર્વ મૂલ્યાંકન વગર ચોક્કસ FDC દવાઓના ઉત્પાદન, વેચાણ અને વિતરણ માટે લાઈસન્સ આપવામાં આવે છે અને તેનાથી જાહેર આરોગ્ય અને સલામતી માટે ગંભીર જોખમ ઊભું થાય છે.આવી મંજૂરી વગરની એફડીસીથી દર્દીની સુરક્ષા જોખમાય છે અને દવાનું વિપરિત રિએક્શન આવી શકે છે.

### શેરબજારમાં તેજીની હેટ્રિક

# સેન્સેક્સ ૧.૯૬% પોઈન્ટ વધીને ૭૮,૫૫૩.૨૦ પર બંધ થયો

## નિફ્ટી ૪૧૪.૪૫ વધીને ૨૩,૮૫૧.૬૫ પર બંધ થયો

મુંબઈ, તા.૧૭

અઠવાડિયાનો ટ્રેડિંગનો છેલ્લો દિવસ ફરી એકવાર બજાર માટે ઉત્સાહજનક સાબિત થયો છે. ગુરુવારે ૩૦ શેરનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ BSE સેન્સેક્સ ૧૫૦૮.૯૧ (૧.૯૬%) પોઈન્ટ વધીને ૭૮,૫૫૩.૨૦ પર બંધ થયો છે. બીજી તરફ ૫૦ શેરોવાળો NSE નિફ્ટી ૪૧૪.૪૫ (૧.૭૭%) પોઈન્ટ વધીને ૨૩,૮૫૧.૬૫ પર બંધ થયો છે.

બજાર નિષ્ણાતોના મતે રોકાણકારો આ સમયે મોટા, સ્થિર અને સસ્તા મૂલ્યાંકનવાળા બેંકિંગ શેરો તરફ વળી રહ્યા છે. ICICI બેંક અને HDFC બેંક જેવી કંપનીઓ ૧૯ એપ્રિલે તેમના માર્ચ ક્વાર્ટરના પરિણામો જાહેર કરશે. આ પહેલા રોકાણકારોનો રસ આ શેરોમાં જોવા મળી રહ્યો છે. માર્કેટના નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે, "બેંક નિફ્ટીએ સેન્સેક્સ અને નિફ્ટી કરતાં વધુ સારો દેખાવ કર્યો છે.

આ દેશના મજબૂત મેક્રોઈકોનોમિક વાતાવરણમાં રોકાણકારોના વિશ્વાસને દર્શાવે છે." અન્ય નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે, "રોકાણકારો એવી કંપનીઓમાં રોકાણ કરી રહ્યા છે જે સ્થાનિક માંગ પર આધારિત છે - જેમ કે બેંકિંગ, ટેલિકોમ, એવિએશન, સિમેન્ટ અને ઓટો ક્ષેત્ર."

સેન્સેક્સ અને નિફ્ટી બજારમાં મજબૂત વધારા સાથે બંધ થયા હતો. F&O સેટઅપ વિશે વાત કરીએ તો, આજે દિલ્હીવેરી, KEI ઈન્ડસ્ટ્રીઝ, JSPL, HUDCO અને એન્જલ વનના શેરમાં લાંબી તેજી જોવા મળી હતી. બીજી તરફ, ABB ઈન્ડિયા, L&T ફાઈનાન્સ, ચંબલ ફર્ટિલાઈઝર્સ, AB ફેશન અને રિટેલમાં શોર્ટ કવરિંગ જોવા મળ્યું. જ્યારે વિપ્રો, એલટીઆઈ માઈન્ડટ્રી, ઈન્ફો એજ, ગોદરેજ કન્ઝ્યુમર અને જ્યુબિલન્ટ ફૂડમાં શોર્ટ બિલ્ડ અપ જોવા મળ્યું છે. જ્યારે પેટીએમ, આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ, બિરલા સોફ્ટ, યુનિયન બેંક અને આઈઆરઈડીએમાં લાંબા સમયથી નરમાઈ જોવા મળી રહી હતી. બજાર બંધ થાય તે પહેલાં, અગ્રણી નિષ્ણાતોએ ટૂંકા ગાળાની કમાણી માટે SBI કાર્ડ, દિલ્હીવેરી, Jio ફાઈનાન્શિયલ સર્વિસિસ અને DCX સિસ્ટમ્સના શેર પર દાવ લગાવવાની સલાહ આપી હતી.

### સંજય સિંહે વડાપ્રધાન મોદીને ઘેર્યા

# આમ આદમી પાર્ટીના સહ-પ્રભારી અને વરિષ્ઠ નેતા દુર્ગેશ પાઠકના ઘરે દરોડા

## સંજયસિંહે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટીનો ગંદો ખેલ ફરી શરૂ થયો છે : ગુજરાતમાં ભાજપ ડરી ગઈ છે

નવી દિલ્હી, તા.૧૭

CBI એ આજે ગુજરાતમાં આમ આદમી પાર્ટીના સહ-પ્રભારી અને વરિષ્ઠ નેતા દુર્ગેશ પાઠકના ઘરે દરોડા પાડ્યા હતા. CBIએ દુર્ગેશ પાઠક વિરુદ્ધ FCRA ઉલ્લંઘનના કેસ હેઠળ આ કાર્યવાહી કરી છે. CBIએ દુર્ગેશ પાઠક વિરુદ્ધ વિદેશી ચલણની હેરાફેરીનો કેસ નોંધ્યો છે. CBI દ્વારા દુર્ગેશ પાઠકના ઘરની તપાસ કરવામાં આવી રહી છે.

દુર્ગેશ પાઠકના ઘરે CBIના દરોડા અંગે આમ આદમી પાર્ટીના તમામ નેતાઓએ નારાજગી વ્યક્ત કરી છે. તાજેતરમાં AAP ના રાજ્યસભા સાંસદ સંજય સિંહે આ દરોડોનો વિરોધ કર્યો છે. તેમણે કહ્યું કે, ગુજરાતમાં ભાજપ ડરી ગઈ છે, તેથી પીએમ મોદીએ દુર્ગેશ પાઠકને ધમકાવવા માટે તેમના ઘરે CBI મોકલી છે.

સંજય સિંહે દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી, જેમાં તેમણે ભારતીય જનતા પાર્ટી પર જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટીનો ગંદો ખેલ ફરી શરૂ થયો છે. આ અગાઉ પણ ભાજપે આમ આદમી પાર્ટીને નષ્ટ કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે. આ લોકોએ આપના સૌથી મોટા નેતાઓને પણ જેલમાં ધકેલી દીધા હતા. આ લોકોએ દિલ્હી અને પંજાબમાં AAP ધારાસભ્યો અને સાંસદોના ઘરો પર દરોડા પાડ્યા હતા. પરંતુ દરેક પરિસ્થિતિમાં, AAP એ ભાજપ સામે મજબૂત લડત આપી છે અને આગળ પણ લડતી રહેશે.

સંજય સિંહે કહ્યું કે, આજે ફરી ભાજપે ગંદુ અને ઘૃણાસ્પદ કૃત્ય કર્યું છે. PAC સભ્ય અને ગુજરાતના સહ-ઈન્ચાર્જ દુર્ગેશ પાઠકને તેમના ઘરે ધમકાવવા માટે મોદીજીએ CBI મોકલ્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે, ગુજરાતમાં ભાજપ ડરી ગઈ છે. આમ આદમી પાર્ટી પાસે ૪ ધારાસભ્યો છે. ગત ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને ૧૪ ટકા મત મળ્યા હતા. દુર્ગેશ પાઠકની કાર્યક્ષમતાના ડરથી ગુજરાતમાં આ કાર્યવાહી કરવામાં આવી છે.

ગુજરાતમાં ભાજપની હાલત ખરાબ છે, અહીંના લોકો ભાજપના સાંસદથી અસંતુષ્ટ છે. ગુજરાતના લોકોની આશા એક નવા પક્ષ તરફ વળી રહી છે, જે ગુજરાતમાં પરિવર્તન લાવી શકે છે. ભાજપનું આ પગલું હારની હતાશાનું પરિણામ છે. પીએમ મોદીને લાગે છે કે, ગુજરાતમાં ભાજપ હારી જશે, તેથી જ દુર્ગેશ પાઠકને ધમકી આપવા માટે તેમના ઘરે CBI મોકલવામાં આવી છે. આ સાથે તેમણે કહ્યું કે, ભાજપ ગમે તેટલા કેસ દાખલ કરી શકે છે; આમ આદમી પાર્ટી ન તો ભાજપથી ડરે છે અને ન તો ઝૂકે છે.

### ઉપરાષ્ટ્રપતિ ધનખડનું સૂચક નિવેદન

# સુપર સંસદની જેમ કામ કરી રહ્યા છે જજ, રાષ્ટ્રપતિને આદેશ ન આપી શકે

## ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ૧૪૫ (૩)ની કલમ યાદ અપાવી

નવી દિલ્હી, તા.૧૭

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે તાજેતરમાં સુપ્રીમ કોર્ટના આદેશની આકરી ટીકા કરી છે. જેમાં સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિને રાજ્યપાલ દ્વારા વિચારણા માટે મોકલવામાં આવેલા બિલો પર સમયમર્યાદામાં કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ અંગે ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ભારતમાં ક્યારેય આવુ લોકતંત્ર નથી જોયું, જેમાં જજ પોતે કાયદાના ઘડવૈયા, કાર્યપાલક અને "સુપર પાર્લામેન્ટ" તરીકે કામ કરે છે.

રાજ્યસભાના ઈન્ટર્નનાં ગ્રૂપને સંબોધિત કરતાં ધનખડે જણાવ્યું કે, 'તાજેતરના નિર્ણયમાં રાષ્ટ્રપતિને નિર્દેશ આપવામાં આવ્યો છે. આપણે ક્યાં જઈ રહ્યા છીએ? દેશમાં શું થઈ રહ્યું છે? બંધારણીય મર્યાદાઓના ઉલ્લંઘન અંગે ચિંતા વ્યક્ત કરતાં ઉપરાષ્ટ્રપતિએ ઉપસ્થિત તમામ લોકોને રાષ્ટ્રપતિ દ્વારા લેવામાં આવેલા શપથની યાદ અપાવી હતી. અને ભાર મૂક્યો હતો કે રાષ્ટ્રપતિનું પદ સર્વોચ્ચ છે, તે સર્વોપરી છે જ્યારે અન્ય લોકો ફક્ત બંધારણનું પાલન કરવા માટે શપથ લે છે.' ધનખડે બંધારણીય જોગવાઈઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, 'આપણે એવી પરિસ્થિતિનું નિર્માણ ન કરીએ, જ્યાં તમે ભારતના રાષ્ટ્રપતિને નિર્દેશ આપો અને એમાં કોઈ આધાર પણ ન હોય. આવા કિસ્સાઓમાં સુપ્રીમ કોર્ટ પાસે એકમાત્ર સત્તા "કલમ ૧૪૫ (૩) હેઠળ બંધારણનું અર્થઘટન કરવાની" છે અને તે પણ પાંચ કે તેથી વધુ ન્યાયાધીશોની બેન્ચ દ્વારા થવુ જોઈએ.

સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિને રાજ્યપાલ દ્વારા મોકલવામાં આવતાં બિલની મંજૂરી માટે સમય મર્યાદામાં કામ કરવાનો આદેશ આપતાં ધનખડ રોષે ભરાયા હતાં. તેમણે ટીકા કરતાં કહ્યું કે, આપણી પાસે એવા જજ છે, જે કાયદો બનાવશે, કાર્યપાલિકાની જેમ કામ કરશે, સુપર સંસદની જેમ કામ કરશે. અને તેમની કોઈ જવાબદારી નહીં રહે, કારણકે, દેશનો કાયદો તેમના પર લાગુ થશે નહીં.

જસ્ટિસ યશવંત વર્માના ઘરેથી મળી આવેલી રોકડનો મુદ્દો ઉઠાવતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે નવી દિલ્હીમાં એક જજના ઘરેથી બેનામી રોકડ મળી આવી, સાત દિવસ સુધી કોઈને તેની ખબર ન પડી. કેસમાં કોઈ ખાસ કાર્યવાહી હાથ ધરાઈ નથી. શું આ વિલંબ સમજી શકાય? શું આ માફી માની લઈએ? શું આનાથી કેટલાક મૂળભૂત પ્રશ્નો ઉભા થતા નથી?

ગયા અઠવાડિયે, સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે જ્યારે રાજ્યપાલ બંધારણની કલમ ૨૦૧ હેઠળ રાષ્ટ્રપતિ પાસે બિલ અનામત રાખે છે, ત્યારે ત્રણ મહિનાની અંદર કાર્યવાહી કરવી આવશ્યક છે. આ સમયમર્યાદા એ નિર્ણયનો એક ભાગ હતી જેમાં તમિલનાડુના રાજ્યપાલની લાંબા સમયથી નિષ્ક્રિયતા અને રાજ્યના બિલોને મંજૂરી ન આપવા અંગે કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ પાસે 'પોકેટ વીટો' નથી અને તેમણે સમયસર વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલોને મંજૂરી આપવી જોઈએ અથવા નકારી કાઢવી જોઈએ.

### IPL ૨૦૨૫માં મેચ ફિક્સિંગનો ખતરો?

# BCCIએ તમામ ટીમ અને ખેલાડીઓને આપી ચેતવણી

## ચેતવણીમાં કહેવામાં આવ્યું છે કે, હૈદરાબાદનો એક બિઝનેસમેન ગેરકાયદેસર કામ કરાવવા માટે લોકોનો સંપર્ક કરી રહ્યો હતો

નવી દિલ્હી, તા.૧૭

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ IPL 2025ની તમામ ૧૦ ટીમોને ચેતવણી આપી છે. BCCIએ આપેલી ચેતવણીમાં કહેવામાં આવ્યું છે કે, હૈદરાબાદનો એક બિઝનેસમેન ગેરકાયદેસર કામ કરાવવા માટે લોકોનો સંપર્ક કરી રહ્યો હતો.

એક મીડિયા રિપોર્ટ અનુસાર BCCI એ તમામ ક્રિકેટરો, કોચ, કોમેન્ટેટર્સ અને સપોર્ટ સ્ટાફને આ બિઝનેસમેનથી સાવધાન રહેવા કહ્યું છે. એવું કહેવાય છે કે, આ ઉદ્યોગપતિ ઘણા બુકીઓના સંપર્કમાં છે. આ વ્યક્તિ ટુર્નામેન્ટમાં લોકોને મોંઘી-મોંઘી ભેટ આપીને પોતાની વાત મનાવે છે. ક્રિકબજના એક રિપોર્ટ અનુસાર આ બિઝનેસમેન સામાન્ય રીતે પહેલા ટીમના માલિકો, ખેલાડીઓ, કોચ, સપોર્ટ સ્ટાફ અને ત્યાં સુધી કે કોમેન્ટેટર્સના પરિવારના સભ્યો સાથે સંપર્ક કરવાનો પ્રયાસ કરે છે. એન્ટી-કરપ્શન યુનિટનું માનવું છે કે, આ વ્યક્તિ અગાઉ પણ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ રહ્યો છે.

આ રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, હૈદરાબાદનો આ બિઝનેસમેન મેદાનમાં ફેન્સ બનીને IPLમાં ભાગ લેનારા ખેલાડીઓ, કોચ અને કોમેન્ટેટર્સનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. તે ટીમની હોટલ અને મેદાનમાં પણ જોવા મળ્યો છે. તે ખેલાડીઓ અને સ્ટાફને ખાનગી પાર્ટીઓમાં આમંત્રણ આપે છે અને તેમને ઘરેણાં સહિત મોંઘી-મોંઘી ભેટો આપે છે. આ સંદર્ભમાં BCCIyu IPL 2025માં ભાગ લેનારી બધી ટીમો અને તેમની તરફથી રમી રહેલા ખેલાડીઓ પાસેથી સમર્થન માંગ્યું છે. BCCI મેચ ફિક્સિંગ જેવી ઘટનાઓનો સંપૂર્ણપણે વિરોધ કરે છે અને ક્રિકેટની અખંડિતતા બનાવી રાખવા માટે પ્રતિબદ્ધ છે.

૨૦૧૩માં થયેલી મેચ ફિક્સિંગની ઘટનાને ઈન્ડિયન પ્રીમિયર લીગના ઈતિહાસમાં સૌથી મોટું કૌભાંડ માનવામાં આવે છે. મેચ ફિક્સિંગ મામલામાં રાજસ્થાન રોયલ્સના ત્રણ ખેલાડીઓ, એસ શ્રીસંત, અજીત ચંદીલા અને અંકિત ચૌહાણની દિલ્હી પોલીસે ધરપકડ કરી હતી. આ મામલામાં પાછળથી ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સના ટીમ પ્રિન્સિપાલોની પણ ધરપકડ કરવામાં આવી હતી.

### ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીમાં વિલંબ

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ મામલે પીએમ મોદી ખુદ એક્ટિવ થયા

## એવું માનવામાં આવી રહ્યું છે કે, આગામી ૨-૩ દિવસોમાં લગભગ ૬ રાજ્યોના પ્રદેશ અધ્યક્ષઓની જાહેરાત થઈ શકે છે

નવી દિલ્હી, તા.૧૭

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીમાં વિલંબ થતાં હવે પીએમ મોદી ખુદ એક્ટિવ થયા છે. પીએમ મોદીએ પોતાના નિવાસસ્થાને અમિત શાહ, રાજનાથ સિંહ અને બીએલ સંતોષ સહિતના વરિષ્ઠ નેતાઓ સાથે મેરેથોન બેઠક યોજી હતી. આ નેતાઓએ ભાજપ અધ્યક્ષની ચૂંટણીની રાહમાં રાજકીય અવરોધ બનેલા ઉત્તરાખંડ, ગુજરાત અને કર્ણાટક સહિત લગભગ એક ડઝન રાજ્યોની સંગઠનાત્મક ચૂંટણીઓનો ઉકેલ શોધવાનો પ્રયાસ કર્યો.

એવું માનવામાં આવી રહ્યું છે કે, આગામી ૨-૩ દિવસોમાં લગભગ ૬ રાજ્યોના પ્રદેશ અધ્યક્ષઓની જાહેરાત થઈ શકે છે. આ રાજ્યોના પ્રદેશ અધ્યક્ષના નામ ફાઈનલ થયા બાદ જ આગામી અઠવાડિયે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષના નામ પર પણ મહોર લાગી જશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી જાન્યુઆરીમાં થવાની હતી, પરંતુ અડધો એપ્રિલ વીતી ગયો હોવા છતાં આ ચૂંટણી ન થઈ શકી. જેપી નડ્ડાને જાન્યુઆરી ૨૦૨૦માં પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. ભાજપના બંધારણ પ્રમાણે જેપી નડ્ડાનો કાર્યકાળ જાન્યુઆરી ૨૦૨૩માં સમાપ્ત થયો હતો, પરંતુ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને કારણે તેમનો કાર્યકાળ લંબાવવામાં આવ્યો હતો. લોકસભા ચૂંટણીને લગભગ એક વર્ષ થઈ ગયું છે, પરંતુ હજુ સુધી ભાજપ અધ્યક્ષના નામ પર કોઈ નિર્ણય નથી થઈ શક્યો.

ભાજપની સંસદીય સમિતિએ ૧૩ માર્ચે જેપી નડ્ડાનો કાર્યકાળ ૪૦ દિવસ માટે લંબાવ્યો હતો. આમ ૨૩ એપ્રિલે આ સમય પૂર્ણ થઈ રહ્યો છે. હવે સમય નજીક આવતો જોઈને પીએમ મોદીએ મોરચો સંભાળ્યો છે, જેના સંદર્ભમાં બુધવારે બપોરે પ્રધાનમંત્રી આવાસ પર એક મોટી બેઠક યોજાઈ હતી અને ૨૩ એપ્રિલ પહેલા નવા અધ્યક્ષની ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ કરવાની રણનીતિ નક્કી કરવામાં આવી છે.વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથે બેઠક કરીને અધ્યક્ષની ચૂંટણી અંગે મંથન કર્યું. આ દરમિયાન કર્ણાટક, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ, ગુજરાત, મધ્ય પ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, હરિયાણા અને હિમાચલના પ્રદેશ પ્રમુખોના નામો પર ચર્ચા થઈ. પીએમ મોદીની બેઠકમાં ૬ રાજ્યોના પ્રદેશ અધ્યક્ષના નામો પર સર્વસંમતિ સધાઈ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આગામી બે-ત્રણ દિવસમાં લગભગ અડધો ડઝન રાજ્યોના અધ્યક્ષોના નામની જાહેરાત થઈ શકે છે. ત્યારબાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા ૨૦ એપ્રિલથી શરૂ થઈ શકે છે. કર્ણાટક, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ, ગુજરાત, મધ્ય પ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, હરિયાણા અને હિમાચલ જેવા રાજ્યોમાં સંગઠનાત્મક ચૂંટણીઓ ન થવાના કારણે રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગીમાં વિલંબ થઈ રહ્યો છે. આ રાજ્યોમાં સંગઠનાત્મક ચૂંટણીઓ પૂર્ણ થયા વિના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી શક્ય નથી. ભાજપના બંધારણ પ્રમાણે રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે એક ચૂંટણી મંડળની રચના કરવી પડે છે, જેના સભ્યો રાષ્ટ્રીય પરિષદ અને રાજ્ય પરિષદના સભ્યો હોય છે. તેમાં રાજ્યોની રાષ્ટ્રીય પરિષદમાં ભાગીદારી લગભગ ૫૦% છે. આવી સ્થિતિમાં જ્યાં સુધી સંગઠનાત્મક ચૂંટણીઓ ન થાય ત્યાં સુધી ન તો રાષ્ટ્રીય પરિષદનો ક્વોટા ભરી શકાશે કે ન તો ચૂંટણી મંડળની રચના થઈ શકશે. ઉત્તર પ્રદેશમાં ભાજપ નક્કી નહોતી કરી શકતી કે, પ્રદેશ અધ્યક્ષ દલિત અને પછાત વર્ગમાંથી હોવો જોઈએ કે સુવર્ણ જાતિમાંથી. રાજ્યમાં જે પ્રદેશ અધ્યક્ષ બનાવવામાં આવશે, તેના જ નેતૃત્વમાં આગામી વિધાનસભા ચૂંટણી લડવામાં આવશે, તેથી પાર્ટી ખૂબ જ સાવધાનીપૂર્વક એક-એક પગલુ માંડી રહી છે. મધ્યપ્રદેશ ઉપરાંત ગુજરાત અને કર્ણાટક જેવા અન્ય મોટા રાજ્યોમાં પણ આ જ સમસ્યા છે.

ભાજપના રાજ્ય સંગઠનોની ચૂંટણી પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે પીએમએ બુધવારે એક બેઠક યોજી હતી, ત્યારબાદ એ નિર્ણય લેવામાં આવ્યો હતો કે, આગામી ૨-૩ દિવસમાં ઘણા રાજ્યોના પ્રદેશ અધ્યક્ષોના નામની જાહેરાત કરવામાં આવી શકે છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ, ઉત્તરાખંડ અને ગુજરાતના પાર્ટી અધ્યક્ષોના નામ પર સર્વસંમતિ સધાઈ છે. ભાજપ પ્રદેશ અધ્યક્ષની સાથે-સાથે રાષ્ટ્રીય અધ્યક્ષથી પાર્ટી પોતાની રાજકીય દશા અને દિશા જાણશે. રાષ્ટ્રીય અધ્યક્ષ દ્વારા ભાજપ પોતાના રાજકીય સમીકરણોને વધુ ધાર આપશે પરંતુ પ્રાદેશિક સમીકરણોને સાધવા પર મહત્ત્વ નહીં આપશે. સૂત્રોનું કહેવું છે કે, પાર્ટીને એવા નેતૃત્વની જરૂર છે જે ભાજપના વિશાળ નેટવર્કને કાર્યક્ષમ રીતે સંભાળી શકે. આ ઉપરાંત તે સંઘની પસંદગીનો અને મોદી-શાહનો વિશ્વાસપાત્ર હોવો જોઈએ. જે પણ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બનશે, ૨૦૨૯ની લોકસભા ચૂંટણી તેમના નેતૃત્વમાં જ લડવામાં આવશે. આમ રાષ્ટ્રીય અધ્યક્ષ ભાજપના રાજકીય સમીકરણમાં ફિટ થવાની સાથે-સાથે વિજય અપાવનાર પણ હોવો જોઈએ. ભાજપ અધ્યક્ષની સાથે સંગઠનને પણ આકાર આપવા માગે છે. ભાજપની કેન્દ્રીય ટીમમાં નવું નેતૃત્વ બનાવવા માટે સચિવો અને મહામંત્રીઓની ટીમમાં ઓછામાં ઓછા ૫૦ ટકા સ્થાન યુવાનોને આપવા પર મંથન ચાલી રહ્યું છે. નેતૃત્વની ઈચ્છા સંસદીય બોર્ડમાં વરિષ્ઠ નેતાઓને જ સ્થાન આપવાની છે. ભાજપ સંગઠનમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવાનો પણ પ્રયાસ થઈ રહ્યો છે. ૨૦૨૫માં બિહારમાં અને ૨૦૨૬માં કેરળ, તમિલનાડુ, આસામ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી છે. જે કોઈ પણ ભાજપનો રાષ્ટ્રીય અધ્યક્ષ બનશે, તેની પહેલી રાજકીય અગ્નિપરીક્ષા આ જ રાજ્યોમાં થશે.

બિહારમાં ભલે ભાજપ સરકારમાં સામેલ હોય, પરંતુ તે ક્યારેય પોતાના દમ પર સત્તામાં નથી આવી શકી. ભાજપ કેરળ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં ક્યારેય સરકાર નથી બનાવી શકી. આમ નવા અધ્યક્ષ સામે સૌથી મોટો પડકારજનક રાજ્યોમાં જ લિટમસ ટેસ્ટ થશે. એટલા માટે ભાજપ જેપી નડ્ડાના સ્થાને એક મજબૂત ચહેરાની શોધમાં છે, જેમને પાર્ટીની કમાન સોંપવાની છે.

### વ્યાયામ શિક્ષકોની મુખ્યમંત્રી સાથે બેઠક યોજાઈ

# વ્યાયામ શિક્ષકોએ આંદોલન સ્થગિત કરવાનો નિર્ણય લીધો

## આગામી સમયમાં ભરતી પ્રક્રિયાને લઈને બે-ત્રણ બેઠકો યોજાશે, જેમાં છેલ્લા ૧૫ વર્ષથી ભરતી નથી, ત્યારે કઈ રીતે ભરતી હાથ ધરવી તેને લઈને નિર્ણય લેવાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં છેલ્લા એક મહિનાથી વ્યાયામ શિક્ષકો કાયમી ભરતીની માગ સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ત્યારે વ્યાયામ શિક્ષકોની માગોને લઈને સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. આજે ગુરુવારે (૧૭ એપ્રિલ, ૨૦૨૫) આંદોલનકારી વ્યાયામ શિક્ષકોની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં કાયમી વ્યાયામ શિક્ષકોની ભરતીને લઈને મુખ્યમંત્રીએ કમિટીને આદેશ કર્યા છે. આ દરમિયાન જ્યાં સુધી ભરતીને લઈને સત્તાવાર જાહેરાત કરવામાં નહી આવે ત્યાં સુધી વ્યાયામ શિક્ષકોએ આંદોલન સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.

ગુજરાત સમાચાર ડિઝિટલ સાથે વાત કરતાં વ્યાયામ વીરે જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં છેલ્લા ૩૨ દિવસથી વ્યાયામ શિક્ષકોનું આંદોલન ચાલી રહ્યું છે, ત્યારે આજે ગુરુવારે વ્યાયામ શિક્ષકોની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં શિક્ષણ વિભાગના સચિવ સહિતના અધિકારી અને મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં કાયમી વ્યાયામ શિક્ષકોની ભરતીને લઈને મુખ્યમંત્રીએ કમિટીને આદેશ કર્યા છે. ટૂંક સમયમાં ભરતીની જાહેરાત કરાશે. આગામી સમયમાં ભરતી પ્રક્રિયાને લઈને બે-ત્રણ બેઠકો યોજાશે. જેમાં છેલ્લા ૧૫ વર્ષથી ભરતી નથી, ત્યારે કઈ રીતે ભરતી હાથ ધરવી તેને લઈને નિર્ણય લેવાશે. રાજ્યભરમાંથી વ્યાયામ શિક્ષકો ગાંધીનગરમાં આંદોલન પર ઉતર્યા હતા, ત્યારે રાજ્યમાં વ્યાયામ શિક્ષકની કાયમી ભરતીની માગને લઈને આજે ગુરુવારે મુખ્યમંત્રીની સાથે વ્યાયામ શિક્ષકોની બેઠક યોજાઈ હતી. બેઠકમાં વ્યાયામ વીરોની કાયમી ભરતીને લઈને મુખ્યમંત્રીએ આદેશ કર્યા છે, ત્યારે ૩૨ દિવસ બાદ આંદોલન સ્થગિત કરવાનો વ્યાયામ શિક્ષકોએ નિર્ણય કર્યો છે. વ્યાયામ શિક્ષકોનું કહેવું છે કે, મુખ્યમંત્રી ભરતીને લઈને હકારાત્મક પ્રતિક્રિયા આપી છે. આમ જ્યા સુધી કાયમી ભરતીની જાહેરાત કરવામાં નહી આવે ત્યા સુધી આંદોલન સ્થગિત રહેશે.

ગાંધીનગરમાં એક મહિના પહેલા આંદોલનમાં ઉતર્યા બાદ વ્યાયામ વીરોએ પોતાની માંગને રજૂ કરવા માટે ઘણો સંઘર્ષ કરવો પડ્યો. કાળઝાળ ગરમીમાં મહિલાઓ સહિત આંદોલન કરી રહેલા વ્યાયામ વીરોની પોલીસ દ્વારા કરાયેલી અટકાયતમાં જોવા મળેલા દ્રશ્યોએ લોકોને હચમચાવી દીધા હતા. છેલ્લા એક મહિનામાં અનેક વખત પોલીસ દ્વારા આંદોલનકારીઓની અટકાયત કરવામાં આવી પરંતુ પોતાની માંગણીને લઈને વ્યાયામ વીરો અડગ રહ્યા. અંતે મુખ્યમંત્રી સાથે બેઠક યોજાઈ અને વ્યાયામ શિક્ષકોની ભરતીને લઈને હકારાત્મક નિર્ણય લેવાશે તેવી આશા બંધાઈ છે. ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી ૫૦૦થી વધુ વ્યાયામ વીરો ૧૧ મહિનાના કરાર આધારીત ખેલ સહાયકની ભરતી બંધ કરવા અને કાયમી વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં આવે તેવી માગ સાથે આંદોલન ચાલ્યું. ગાંધીનગર ખાતે વ્યાયામ વીરો શાંતિપૂર્ણ રીતે વિરોધ નોંધાવતી વખતે વ્યાયામ વીરોએ PTના દાવ કરીને વિરોધ નોંધાવ્યો હતો. જેમાં ખેલ સહાયકોએ કરાર પ્રથા બંધ કરો, વ્યાયામ શિક્ષકોની ભરતી કરો, હમારી માગે પૂરી કરો...ના નારા લગાવીને કસરત અને PTના દાવ કરતાં જોવા મળ્યા હતા.

### GPS દ્વારા સીધો બેન્ક ખાતાંમાંથી કપાશે ટોલ ટેક્સ

# પહેલી મેથી FASTagનો ઉપયોગ થઈ શકશે નહીં

## કેન્દ્ર સરકાર ૧ મેથી FASTag ના સ્થાને એક નવી સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ શરૂ કરવા જઈ રહી છે

નવી દિલ્હી, તા.૧૭

દેશમાં નેશનલ હાઈવે પર વસૂલાતા ટોલ ટેક્સ પર સરકારે મોટો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકાર ૧ મે, ૨૦૨૫થી FASTag ના સ્થાને એક નવી સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ શરૂ કરવા જઈ રહી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આ અંગે માહિતી આપી હતી. આગામી ૧૫ દિવસમાં નવી ટોલ નીતિ રજૂ કરાશે. જે પ્રવાસીઓ માટે વધુ અનુકૂળ અને સંતોષજનક રહેશે. આ સુવિધાથી વધુ પડતો ટોલ ટેક્સ કપાઈ જવાની ફરિયાદોમાંથી મુક્તિ મળશે. ટોલ ટેક્સમાં પારદર્શિતા વધશે.

સરકાર જે નવી ટોલ સિસ્ટમની વાત કરી રહી છે, તેનું નામ છે ગ્લોબલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ (GNSS). આ એક જીપીએસ આધારિત પ્રણાલી છે. જેમાં વાહનનું લોકેશન સેટેલાઈટની મદદથી ટ્રેક કરવામાં આવશે. અને તેના આધારે અંતર અનુસાર ટોલ ચાર્જ સીધો બેન્ક એકાઉન્ટમાંથી કપાશે. એટલે હવે ટોલ પ્લાઝા પર રોકાવાની કે રાહ જોવાની જરૂર પડશે નહીં.

FASTag પ્રણાલીમાં કેશના સ્થાને ડિજિટલ પેમેન્ટ હોય છે. પરંતુ તેમાં વ્હિકલને ટોલ બૂથ પર અટકાવવુ પડે છે. ઘણીવખત લાંબી કતારોમાં રાહ પણ જોવી પડે છે. જ્યારે GNSS પ્રણાલી વર્ચ્યુઅલ ટોલ બૂથ મારફત કામ કરે છે. જેમાં ટોલની ગણના વાહનના ટ્રેકિંગના આધારે થાય છે. અને બેન્ક ખાતામાંથી સીધી ચૂકવણી થાય છે. આ પ્રણાલી અગાઉ ૧ એપ્રિલે લાગુ થવાની હતી. પરંતુ અમુક ટેક્નિકલ અને પ્રશાસનિક કારણોસર તેનો અમલ સ્થગિત કરવામાં આવ્યો હતો. હવે ૧ મે, ૨૦૨૫થી સંપૂર્ણ દેશમાં આ સિસ્ટમ લાગુ કરાશે.

ફાસ્ટેગનો ઉપયોગ કરતાં લોકો ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધી જ તેનો ઉપયોગ કરી શકશે. બાદમાં પોતાની ગાડીમાં સરકાર દ્વારા રજિસ્ટર્ડ જીપીએસ ડિવાઈસ લગાવવામાં આવશે. આ નવી સિસ્ટમને બેન્ક ખાતા સાથે લિંક કરવામાં આવશે. સિસ્ટમ સંપૂર્ણપણે ચાલુ થઈ ગયા બાદ ફાસ્ટેગ સ્ટિકર હટાવી દેવામાં આવશે. સરકારે જીપીએસ ઈન્સ્ટોલેશન અને નવી સિસ્ટમ સમજાવવા માટે જાગૃત્તિ અભિયાન ચલાવવાની તૈયારી કરી છે. ખાનગી કાર માલિકોથી માંડી ટ્રક અને ટ્રાન્સપોર્ટ સેક્ટર સુધી તમામ માટે આ સ્માર્ટ સિસ્ટમ સુવિધાજનક સાબિત થશે.

નવી સિસ્ટમના ફાયદા

ટોલ બૂથ પર રોકાવું નહીં પડે, ટોલ ટેક્સ સીધો બેન્ક ખાતામાંથી કપાશે

જેટલી મુસાફરી, તેટલો જ ટોલ ચૂકવવો પડશે. જેથી ખર્ચમાં ઘટાડો થશે

ઈંધણ વપરાશ અને પ્રદુષણમાં ઘટાડો થશે રોકાણ કર્યા વિના સુરક્ષિત પ્રવાસમાં સુધારો થશે ટોલ ટેક્સ અને બિલિંગમાં સંપૂર્ણપણે પારદર્શિતા આવશે

### અલીગઢમાં સરન્ડર બાદ જતાવી ચોંકાવનારી ઈચ્છા

# છૂટાછેડા થાય કે ન થાય હું તો હવે જમાઈ સાથે જ રહીશ

## દીકરીના લગ્નને ગણતરીના દિવસો બાકી હતા અને દીકરીની માતા ભાવિ જમાઈ સાથે ભાગી ગઈ હતી

અલીગઢ, તા.૧૭



અલીગઢ જિલ્લાની અનોખી પ્રેમ કહાની હવે પોલીસ સુધી પહોંચી ગઈ છે. દીકરીના લગ્ન હતા ત્યારે જ તેની માતા તેના ભાવિ જમાઈ સાથે ભાગી ગઈ અને હવે તે દાદો પોલીસ મથક પહોંચી ગઈ છે અને ખુલીને પોતાના મનની વાત કરી છે. તેણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે હવે પાછળ કશું નથી. પતિ તેના બાળકો સાથે રહેશે અને હું રાહુલ સાથે. એટલે કે જેની સાથે ભાગી ગઈ હતી તેની સાથે રહેશે.

મીડિયા રિપોર્ટ મુજબ દીકરીની માતાએ જણાવ્યું કે તે ઘરેથી ફક્ત ૨૦૦ રૂપિયા અને મોબાઈલ લઈને નીકળી હતી. તેનું કહેવું છે કે પતિ જિતેન્દ્ર દારૂ પીને મારપીટ કરતો હતો. ખર્ચો આપતો નહતો. દીકરીના થનારા જમાઈ સાથે સંબંધનો શક કરતો હતો. જેનાથી કંટાળીને આખરે તેણે રાહુલ સાથે જ જીવન વિતાવવાનો નિર્ણય લીધો.

દીકરીના માતા દાગીના અને રૂપિયા લઈને ભાગી હોવાની વાત ફગાવી છે. તેણે કહ્યું કે તે કશું લઈ ગઈ નથી. જ્યારે રાહુલે જણાવ્યું કે તે મહિલા સાથે અલીગઢથી કાસગંજ, પછી બરેલી, મુઝફ્ફરપુર થઈને નેપાળ બોર્ડર સુધી પહોંચી ગયા હતા. પરંતુ સમાચાર વાયરલ થતા બંને પાછા ફરી ગયા.

આ ઉપરાંત મહિલાનું કહેવું છે કે તેને ખબર હતી કે પોલીસ પીછો કરી રહી છે આથી તેમણે પોતે જ સરન્ડર કરી દીધુ. હવે તે કોઈ પણ ભોગે રાહુલ સાથે જ રહેવા માંગે છે અને તેની સાથે લગ્ન કરવા માંગે છે. પોલીસ હવે બંનેના નિવેદનોના આધારે કાનૂની પ્રક્રિયામાં આગળ વધી રહી છે.

# અમરેલીમાં ૧૨ સ્થળોએ યોગ નિષ્ણાંતો આપી રહ્યા છે સેવા



નાગરિકોને નિઃશુલ્ક યોગ કક્ષા (અભ્યાસ)નો લાભ મળી શકે તે માટે અમરેલી શહેરમાં ૧૨ સ્થળોએ વિવિધ યોગ નિષ્ણાંત સેવા આપી રહ્યા છે, સાથોસાથ નાગરિકોને આરોગ્યપ્રદ જીવનશૈલી માટે પણ પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. ગુજરાત સરકારે પણ લોકો સ્વસ્થ જીવનશૈલી અપનાવે સાથે જ વિવિધ પ્રકારની બિમારીઓથી બચે તે માટે સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાન રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનને આવકારતા અમરેલી ખાતે સરકારી આયુર્વેદિક હોસ્પિટલમાં યોગ નિષ્ણાંત તરીકે ફરજ બજાવતા નેચરોથેરાપિસ્ટ એવા ડો. નિકિતા પંડ્યા કહે છે કે, અમરેલી શહેર અને જિલ્લામાં ગુજરાત રાજય યોગ બોર્ડના સર્ટિફાઈડ યોગ ટ્રેનર્સ દ્વારા પણ નિઃશુલ્ક યોગ અભ્યાસ ચલાવવામાં આવે છે. જેમાં યોગ ઉપરાંત ભારતીય પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ આયુર્વેદ અને પ્રાકૃતિક ચિકિત્સા વિશે માર્ગદર્શન આપવામાં આવે છે. જેમાં ખાસ કરીને લાઈફ સ્ટાઈલને લગતા વિવિધ ડિસઓર્ડર્સ હોય તેવા કિસ્સાઓમાં વ્યકિતએ શું કરવાનું તે વિશે સમજાવી તે માટેનું માર્ગદર્શન આપવામાં આવે છે. મેદસ્વિતા, ડાયાબિટીસ, હાઈપર ટેન્શન, મનોરોગ જેવા વિવિધ રોગો પર આ થેરાથી વધુ અસરકારક સાબિત થઈ રહી છે. તેમણે કહ્યું કે, મોટાપો એટલે કે મેદસ્વિતા ઘણા બધા રોગોને નિમંત્રણ આપે છે, ત્યારે લોકોની મેદસ્વિતા ઘટાડવામાં યોગ પણ ખૂબ કારગર છે. હાલ નાગરિકોના સ્વાસ્થ્ય માટે કેન્દ્ર – રાજયસરકાર દ્વારા આયુષ મંત્રાલય દ્વારા પ્રત્યેક જિલ્લાઓમાં જિલ્લા મથક પર આયુષ કલ્યાણ કેન્દ્ર પર યોગ નિષ્ણાંતો દ્વારા રોગાનુસાર યોગા અભ્યાસ કરાવવામાં આવી રહ્યા છે. તેમણે નાગરિકોને સ્વસ્થ જીવનશૈલી માટે નિયમિત રીતે યોગાસન, પ્રાણાયમ, ધ્યાનને પોતાના જીવનનું અભિન્ન અંગ બનાવવા માટે અનુરોધ કર્યો હતો. ડો. નિકિતા પંડયાએ ગુજરાત રાજય યોગ બોર્ડમાં જિલ્લા યોગ કો–ઓર્ડિનેટર તરીકે સેવા આપી છે, હાલમાં તેઓ નિયમિત રીતે આયુર્વેદ હોસ્પિટલ ખાતે મેદસ્વિતા, ડાયાબિટીસ, હાઈપર ટેન્શન, મનોરોગ વિવિધ રોગ અનુસારા યોગાસન, પ્રાણાયમ, ધ્યાનનો અભ્યાસ કરાવી રહ્યા છે. આ સાથે આયુર્વેદ અને પ્રાકૃતિક ચિકિત્સા અનુસાર પ્રાકૃતિક આહાર પધ્ધતિ, સ્વસ્થ વૃત મુજબ દિનચર્યા, ઋતુચર્યા વિશે પણ માર્ગદર્શન આપી રહ્યા છે. ગુજરાત રાજય યોગ બોર્ડના નિર્દેશ અનુસાર અમરેલી શહેરના ગાંધીબાગ ટ્રેઝરી, ઓફિસ પાછળ, મોહનનગર લાઠીરોડ, ગંગાવિહાર સોસાયટી લાઠી રોડ, સુખનાથ પરા, કે.કે. પાર્ક, લાઠી રોડ, હરી વિહાર સોસાયટી, લીલીયા રોડ અને જેસીંગપરા સહિત વિવિધ વિસ્તારોમાં ૧૨ જેટલા નિઃશુલ્ક યોગ અભ્યાસ કેન્દ્રો કાર્યરત છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં ફરજમાં બેદરકાર

ભગવતીબેન મોતીભાઈ પરમાર, વેરહાઉસ ગાર્ડ અરૂણાબેન સેંઘાભાઈ પરજીયા, એસપી કચેરીના દરવાજા પર બેસનારા અશોકભાઈ ભાનુશંકરભાઈ ભટ્ટ, ઈમરજન્સી સિવિલ ગાર્ડ દિગ્વીજયસિંહ રામસિંહ ચાવડા, ઈમરજન્સી સિવિલ ગાર્ડ યુવરાજભાઈ અનકભાઈ વાળા અને કોર્ટ પરિસરના ગાર્ડ નિતેશકુમાર પ્રાગજીભાઈ રાઠોડને તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ કરવામાં આવ્યા છે. આ સસ્પેન્શન પિરિયડ દરમિયાન હાજરી પૂરવા માટે તેમને અમરેલી પોલીસ હેડ કવાર્ટરમાં મૂકાયા છે. પોલીસ અધિક્ષક અને નાયબ પોલીસ અધિક્ષક દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીથી કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં તમાકુનું નિયંત્રણ

ખોરાક અને ઔષધ નિયમન સહિતની કચેરીઓનાં સંયુકત પ્રયાસથી અમરેલી શહેરના વિવિધ આકસ્મિક તપાસ ધરવામાં આવી હતી.

તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ની વિવિધ કલમો હેઠળ હાથ ધરવામાં આવેલી આ કામગીરી અન્વયે અમરેલી શહેરના નાગનાથ બસ સ્ટેન્ડ, મોટા બસ સ્ટેન્ડ, લાઠી રોડ, કોલેજ સર્કલ, સ્ટેશન રોડ, વિસ્તારમાં ૮ કેસ થયા તે અન્વયે રૂા.૧૩૫૦/– નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. તેમ અમરેલી જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી અને તમાકુ નિયંત્રણ નોડલ ઓફિસરએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં અકસ્માતનાં બનાવમાં

શોધખોળ આદરી અકસ્માત કરનારા બાળ કિશોર તથા બાળકિશોરને મોટરસાયકલ આપનાર મોટર સાયકલ માલીક વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી અમરેલી સીટીપોલીસે હાથ ધરી હતી.

આ બનાવમાં અમરેલીના રૂપમ ટોકીઝ પાછળ બરફના કારખાનાની પાછળ રહેતા અને ભંગારનો ધંધો કરતાં અજીતભાઈ જુસબભાઈ અગવાન નામના ૬૩ વર્ષિય વૃધ્ધ ગત તા. ૩ના રાત્રે ૮:૧૫ વાગ્યે પોતાના ઘરેથી સાયકલ લઈને દુધ લેવા નિકળેલ અને રોડ ક્રોસ કરતા તે દરમ્યાન બિનાકા ચોક તરફથી એક અજાણ્યો મોટર સાયકલ ચાલક વૃધ્ધ સાથે ભટકાવી દઈ ડાબા પગે સાંથળના ભાગે ફ્રેકચર કરી નાશી ગયેલ. આ અંગે અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ એકસીડેન્ટના બનાવનો સીસીટીવીનો વિડીયો ખુબ જ વાયરલ થયેલ હોય જેની તપાસ અમરેલી સીટી પોલીસ દ્વારા શરૂ કરી આરોપીને શોધી કાઢવા માટે આ બનાવના કામે અમરેલી શહેર વિસ્તારના અલગ–અલગ સીસીટીવી ફુટેજ ચેક કરવામાં આવતાં આ અજાણ્યા મોટર સાયકલ ચાલક તથા મોટર સાયકલ જોતા રાત્રીનો સમય હોય જે મોટર સાયકલના નંબર તથા તેના ચાલકનો ચહેરો સીસીટીવીમાં સ્પષ્ટ દેખાય આવતો ન હોય. જેથી મોટર સાયકલ ચાલક અકસ્માત કરી જે રસ્તે ગયેલ તે રસ્તાના સીસીટીવી ફુટેજ તથા હ્યુમન સોર્સ દ્વારા તપાસ કરી કરાવતા આ અજાણ્યા મોટર સાયકલ ચાલક અમરેલીના વરૂડી રોડે રહેતો એક બાળ કિશોર હોય જે પોતાના મોટાભાઈ પંકેશ ઉર્ફે પંકજભાઈ લલ્લુભાઈ પરમારનું મોટર સાયકલ નંબર જી.જે.–૧૪ કે–૫૩૨૧ લઈને ગત તા. ૨ના રોજ લઈને ગયેલ હોય અને આ એકસીડન્ટનો બનાવ બનેલ હતો.

જેથી સદર કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર તથા આ મોટર સાયકલના માલીક પંકજભાઈ લલ્લુભાઈ પરમારને પોતાનો નાનો ભાઈ બાળ કિશોર હોય તેવુ જાણતા હોવા છતાં પોતાની સંમતી આપી પોતાનુ મોટર સાયકલ આપેલ હોય. જેથી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર તથા મોટરસાયકલના માલીક બન્ને વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી અમરેલી સીટી પોલીસ ટીમે કરી અટક કરેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૫૦ | ૧૦૪૪ |
| ૨ | ગીરનાર શીંગ | ૯૬૮ | ૧૩૧૨ |
| ૩ | શિંગ મોટી | ૭૪૦ | ૧૦૭૨ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૩૨૬ |
| ૫ | તલ સફેદ | ૧૧૯૫ | ૨૩૯૦ |
| ૬ | જુવાર | ૪૫૦ | ૬૭૦ |
| ૭ | ઘઉં બંસી | ૮૯૦ | ૮૯૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૨૧ | ૬૫૭ |
| ૯ | ઘઉં લોકવન | ૪૬૨ | ૫૩૧ |
| ૧૦ | અડદ | ૯૩૦ | ૧૨૮૦ |
| ૧૧ | ચણા | ૮૦૦ | ૧૧૦૫ |
| ૧૨ | ચણા દેશી | ૧૦૭૪ | ૧૧૯૯ |
| ૧૩ | ચણા સફેદ | ૯૨૦ | ૧૩૪૦ |
| ૧૪ | છોલે ચણા | ૯૨૦ | ૨૦૧૦ |
| ૧૫ | તુવેર | ૮૭૦ | ૧૩૯૯ |
| ૧૬ | કપાસ | ૭૮૦ | ૧૫૩૮ |
| ૧૭ | એરંડા | ૧૦૦૦ | ૧૧૯૧ |
| ૧૮ | જીરૂ | ૨૩૨૫ | ૪૭૦૦ |
| ૧૯ | રાય | ૭૦૦ | ૧૦૫૦ |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૫૯૦ |
| ૨૧ | ધાણી | ૧૧૭૦ | ૧૯૫૦ |
| ૨૨ | અજમા | ૧૨૦૦ | ૧૭૩૫ |
| ૨૩ | મેથી | ૬૩૦ | ૧૦૦૦ |
| ૨૪ | સોયાબીન | ૪૭૫ | ૮૧૯ |
| ૨૫ | મરચા લાંબા | ૨૦૦ | ૧૭૧૦ |
| ૨૬ | દેશી મરચા | ૨૭૦ | ૨૦૪૦ |
| ૨૭ | કાંગ | ૪૦૦ | ૫૪૩ |
| ૨૮ | સુવાદાણા | ૧૨૦૦ | ૧૪૫૦ |

## પાના ૧ ઉપરનું ચાલું લાઠીનાં એક ગ્રામ્ય વિસ્તારની તરૂણીને

તથા રૂપિયા ૧૫ હજારના દંડની સજાનો હુકમ કરેલ હતો. જયારે ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૪ લાખનું વળતર ચુકવવા આદેશ કર્યા હતો.

આ બનાવમાં લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૬ વર્ષ ૮ માસની ઉંમર ધરાવતી તરૂણીને લાઠી તાલુકાના જરખીયા ગામે રહેતા આરોપી રાવતભાઈ નાજાભાઈ આલગોતરએ લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે લગ્ન કરવાના ઈરાદે ગતતા. ૧૭/૧૦/૨૦ના બપોરના ભગાડીને લઈ ગયાની પોલીસમાં જે તે સમયે ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેનો કેસ અમરેલીની એડી. સેશન્સ કોર્ટ અને સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલો અને પુરાવાના આધારે સ્પે. ન્યાયાધીશ ડી.એસ. શ્રીવાસ્તવ દ્વારા આરોપી રાવતભાઈ નાજાભાઈ આલગોતરને આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ના ગુન્હામાં કસુરવાર ઠરાવી ૭ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૫ હજારના દંડની સજા તથા આઈ.પી.સી. કલમ ૩૭૬ તથા પોકસો એકટ કલમ ૪, ૬, ૮ તથા ૧૮ના ગુન્હામાં કસુરવાર ઠરાવી ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦ હજારના દંડની સજાનો હુકમ કરેલ હતો.

આ બનાવમાં ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૪ લાખ વળતર ચુકવવા આદેશ કર્યા હતો.

## પાના ૮ ઉપરનું ચાલું લીલીયા મોટાનાં પીજીવીસીએલના

પી.જી.વી.સી. એલના પ્રશ્નો બાબતે તેમજ ખેતીવાડીને લગતા પ્રશ્નો બાબતે તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજના અધ્યક્ષ સ્થાને લીલીયા પી.જી.વી.સી.એલ કચેરીની મુલાકાત કરવામાં આવેલ જયાં નાયબ ઈજનેર સી.કે. દેવમુરારી સાથે તાલુકાના પ્રશ્નોને લઈને ચર્ચા કરાઈ ત્યારે થોડા દિવસો પહેલા રજુ થયેલ પ્રશ્ન બાબત અધિકારીને પૂછતા અધિકારી ધ્વારા એમ.વી.સી. કેબલની કામગીરી ઝડપથી કરવી અને આ અંગે કોન્ટ્રાકટ પણ દેવાઈ ગયેલ હોય તેનો ઝડપથી નિકાલ થશે તેવું અધિકારી ધ્વારા જણાવવામાં આવેલ સાથે સાથે પી.જી.વી.સી.એલ અધિકારી ધ્વારા એ પણ જણાવવામાં આવેલ કે તારીખ ૧૩/૪/૨૦૨૫ના રોજ રવિવારના દિવસે વધુ પવન હોવાથી અન્ય ફીડરો ફોલ્ટમાં જતા તેમની કામગીરી માટે ફોલ્ટની ટીમ ગ્રામ્ય વિસ્તારમાં ગયેલ હોય જેને ઝડપથી પરત બોલાવી અને આશરે એક કલાકની અંદર લીલીયા સિટીનો પાવર રાબેતા મુજબ કરી આપવામાં આવેલ નું તાલુકા ભાજપ પદાધિકારી ઓને જણાવેલ વધારેમાં પી.જી.વી.સી.એલ અધિકારી ધ્વારા જણાવવામાં આવેલ કે ૬૬ કે.વી.લીલીયા સબ સ્ટેશનમાંથી જાણવા મળેલ માહિતી મુજબ છેલ્લા ત્રણ મહિનામાં આ ફીડર ફોલ્ટમાં ૦ વખત અને ૧૧ ટ્રીપિંગ આવેલ છે. ત્યારે આ તકે લીલીયા ના સ્થાનિક સરપંચ જીવનભાઈ વોરા પણ ઉપસ્થિત હોય જેમણે પણ પી.જી.વી.સી.એલ ની કામગીરી અંગે સંતોષ વ્યકત કરેલ ત્યારે ઓન રેકોર્ડ પી.જી.વી.સી.એલ અધિકારી ધ્વારા કામગીરીની માહિતી અપાતા ગયેલ તાલુકા ભાજપ ટુંમર ધ્વારા સંતુષ્ટ વ્યકત કરવામાં આવેલ. આ તકે ભનુભાઈ ડાભી, ગૌતમભાઈ વિછીયા, ભીખાભાઈ ધોરાજીયા, પરેશ પહાડા ભરતભાઈ ઈજનેર એન.બી. અજાણી ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૫૭ |
| ૨ | ચણા | ૧૦૬૦ | ૧૦૮૫ |
| ૩ | જુવાર સફેદ | ૬૦૦ | ૭૩૧ |
| ૪ | તુવેર | ૧૨૯૮ | ૧૩૨૬ |
| ૫ | ઘઉં | ૫૨૦ | ૫૨૦ |
| ૬ | સોયાબીન | ૮૨૦ | ૮૨૦ |
| ૭ | મેથી | ૮૯૯ | ૯૦૦ |
| ૮ | ધાણા | ૧૦૬૧ | ૧૨૬૫ |
| ૯ | જીરૂ | ૪૬૨૫ | ૪૬૬૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૦ | ૧૦૩૩ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૬૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ૪ | તલ કાળા | – | ૪૬૫૦ |
| ૫ | જીરૂ | ૪૧૦૦ | ૪૭૮૮ |
| ૬ | કપાસ | ૧૩૬૦ | ૧૫૦૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૯૫ | ૫૬૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૪૦ |
| ૯ | બાજરો | ૫૩૦ | ૫૯૦ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૭૨૨ |
| ૧૧ | અડદ | ૧૧૦૦ | – |
| ૧૨ | ચણા | ૧૦૭૫ | ૧૧૨૯ |
| ૧૩ | દેશી ચણા | ૧૨૬૦ | ૧૩૪૧ |
| ૧૪ | તુવેર | ૧૨૦૦ | ૧૩૮૧ |
| ૧૫ | એરંડી | ૧૦૦૦ | ૧૧૭૫ |
| ૧૬ | મેથી | ૮૦૦ | ૯૨૨ |
| ૧૭ | ધાણા | ૧૨૦૦ | ૧૫૫૬ |
| ૧૮ | સોયાબીન | ૬૦૦ | ૮૧૧ |

## પાના ૧ ઉપરનું ચાલું દામનગરમાં મારામારીનાં બનાવમાં

છે તે બંને આવી મને કહેવા લાગેલ કે તું બીજાની છોકરીને હેરાન છે ને તે વખતે હાર્દિકભાઈએ મને કહેલ કે તું મારી બહેન પાયલને ફોન કરે છે તે ફોનમાં બંને વાતો કરો છો તેમ કહીને અચાનક ગાડીમાંથી પ્લાસ્ટીકની પાઈપ લઈ મને મારી પીઠના ભાગે બે ત્રણ કામ આવી દીધેલ અને હું ભાગવા જતા આ હાર્દિકની સાથે આવેલા અજાણ્યા વ્યકિતએ મને પકડી લીધેલ અને હાર્દિક આડેધડ પાઈપના ઘા મારવા લાગે. જેથી હું વધુ વાર મારવાના ડરથી છોડાવી ભાગતા આ અજાણ્યા વ્યકિતએ બે ઘા મારવા જતા મારા બંને હાથની કલાઈ ઉપર મારી દીધલ અને હું ત્યાંથી ભાગીને ધામેલ ગામે મારા મામા રામજીભાઈ વાલજીભાઈ ફતેપુરાના ઘરે જતો રહેલ. ત્યાં મારા મામાને બનાવની વાત કરી બાદ અમો બંને દામનગર સરકારી દવાખાને આવેલ ત્યારે મને જાણવા મળેલ કે આ હાર્દિકભાઈએ મારી સાથે મારામારી કરી બાદ મારા પિતા વિનુભાઈ અને મારા મોટા બાપુના દીકરા રાજુભાઈ બાલાભાઈએ પણ માર મારેલ. જેથી અહીં દવાખાને સારવારમાં આવેલ છે જેથી મેં મારા પિતા વિનુભાઈને પુછતા મને જણાવેલ કે હું ત્રણેક વાગ્યે આપણા ઘરેથી ખોડીયારનગરમાં સાયકલ લઈને જતો હતો તે વખતે પરમાનંદ સોસાયટીમાં ગરનાળાની સામે રોડ ઉપર આવતા આ હાર્દિકે મોટર સાયકલ મારી સાયકલની સાથે ભટકાવી દેતા હું નીચે પડી ગયેલ. તે વખતે આ હાર્દિકે મોટર સાયકલમાંથી પાઈપ કાઢી મને શરીરે આડેધડ મારવા લાગેલ અને તેની સાથે કોઈ અજાણ્યો વ્યકિત હતો અને આ વખતે અતુલભાઈ દલોલીયા પણ ત્યાં હાજર હતા અને મને વધુ માર મારવાથી હું રાડા રાડ કરવાથી આજુબાજુના લોકો ભેગા થયેલ તે વખતે મારા ભાઈનો દીકરો રાજુભાઈ આવી વચ્ચે પડી છોડાવતા તેને પણ લોખંડનાં પાઈપથી આ હાર્દિકે માર મારેલ અને લોકો ભેગા થઈ જતા આ હાર્દિક ગાડી લઈને ભાગી ગયેલા હતા. અને કોઈ વ્યકિત ફોર વ્હીલમાં લઈ આવતા મને દામનગર સરકારી દવાખાને દાખલ કરીને મારા પિતા વિનુભાઈને જમણી આંખના નેણ ઉપર ત્રણ ટાંકા લીધેલ અને ડાબો કાન કપાઈ ગયેલ અને ડાબા પગે ફેકચર થઈ ગયેલ છે અને જમણા પગને ફેકચરની શકયતા છે અને મારા રાજુભાઈને જેમણે આંખના નેણ ઉપર ત્રણ ટાંકા લીધેલ અને બંને હાથ ઉપર ફેકચરની શકયતા છે તે વખતે મારા કુટુંબી સંજયભાઈએ મને વાત કરેલ કે હું ખોડીયાનગરમાંથી આવતો હતો. ત્યારે આ હાર્દિક લોખંડના પાઈપ વડે રાજુભાઈને માર મારતો હતો અને તેની બાજુમાં એક અજાણ્યા વ્યકિત અને અતુલભાઈ વાલજીભાઈ બંનેએ પકડી રાખેલ. જેથી હું દોડીને પોલીસ સ્ટેશને જાણ કરવા ગયેલ હતો. તેવી વાત કરેલ અને ત્યારબાદ ફરજ પરના ડોકટરે મારા પિતા વિનુભાઈ અને મારા ભાઈને વધુ સારવાર માટે અમરેલી રિફર કરેલ અને મારી સારવાર શરૂ છે અને મને બંને હાથની કલાઈ ઉપર મુંઢ ઈજા થયેલ છે અને મારા પગના ભાગે પાઈપના ઘા મારવાથી ઉજડા અને સાંભા પડી ગયેલ છે. આ હાર્દિકભાઈ મનસુભભાઈ કુકવાવ તથા અતુલભાઈ વાલજીભાઈ દલોલીયા રહે. દામનગર તથા હાર્દિકભાઈની ગાડી પાછળ બેઠેલ અજાણ્યો વ્યકિતનું નામ મને આવડતું નથી પણ તે આંબળાનો રહેવાસી છે તે ત્રણેય જણ વિરૂધ્ધ મારી ફરિયાદ છે. તેમ અંતમાં જણાવેલ છે.

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

**અરજદાર :** શ્રી યુસુફભાઈ અલીભાઈ ચોટલીયા — અપીલ અરજી નં. ૩૩/૨૦૨૫
સરનામું : રહે. રાંઢીયા, તા. જિ.અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.રાંઢીયા, તા./જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના રાંઢીયા ગામમાં અરજદારશ્રી **યુસુફભાઈ અલીભાઈ ચોટલીયા** તેઓના પુત્રી **આયશા યુસુફભાઈ ચોટલીયા**ની **જન્મ (તા.૧૫/૦૩/૨૦૧૯)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. <u>૦૮–૦૪–૨૦૨૫</u> ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૯૯ | ૧૪૫૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૫૫ | ૮૫૦૧ |
| ૩ | ધાણા | ૧૩૬૫ | ૧૩૬૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૫૧ |
| ૨ | ઘઉં લોકવન | ૩૬૨ | ૪૯૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૬૯ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૬૫ |
| ૫ | મેથી | ૮૫૦ | ૯૫૦ |
| ૬ | ધાણા | ૭૦૦ | ૧૨૫૧ |
| ૭ | મગફળી | ૭૧૦ | ૭૧૦ |
| ૮ | રાયડો | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | વરીયાળી | ૧૬૨૦ | ૧૬૨૦ |
| ૧૦ | તુવેર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૧ | મકાઈ | ૪૦૦ | ૫૦૧ |
| ૧૨ | સોયાબીન | ૬૦૦ | ૮૩૮ |
| ૧૩ | ચણા સફેદ | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ૧૪ | તલ સફેદ | ૧૪૩૦ | ૧૪૩૦ |
| ૧૫ | બાજરો | ૫૮૦ | ૫૮૦ |
| ૧૬ | શીંગફાડા | ૧૧૭૦ | ૧૧૭૦ |

## પાના ૮ ઉપરનું ચાલું દરરોજ પાણી મળતુ નથી

પાણી પુરવઠા પૂરા પાડવા માટે અમરેલી નગરપાલિકા તરફથી દૈનિક ૨૨ એમ.એલ.ડી. જેટલાં પાણી પુરવઠા વિતરણ કરવામાં આવે છે. અમરેલી શહેર માટે હાલના મહી પરીએજ, ઠેબી ડેમ, તારવાડી કુવો, પોમલીપાટ કુવો, સીપેજ વોટર, વરૂડી સીપેજ વોટર સહિતના તમામ સ્ત્રોતોમાંથી ઉપલબ્ધ થઈ શકે છે. જે જુદાં–જુદાં પાંચ વોટરવર્કસ સ્ટેશન પૈકીના તારવાડી હેડ વોટર વર્કસ, બ્રાહ્મણ સોસાયટી–અંબીકાનગર વોટર વર્કસ, જેશીંગપરા વોટર વર્કસ, ભકિતનગર વોટર વર્કસ અને સાવરકુંડલા રોડ વોટર વર્કસ ખાતેથી શહેરમાં ઝોનવાઈઝ પાણી વિતરણ કરવામાં આવે છે અને દરેક ઝોનમાં બે દિવસનાં ગેપથી પાણી પુરવઠા વિતરણ કરવામાં આવે છે.

અમરેલી નગરપાલિકાના પ્રમુખ બિપિન લીંબાણીએ જણાવેલ કે, અમરેલી નગરપાલિકા હસ્તકનાં પાણી પુરવઠાનાં સ્ટોરેજ માટે કુલ અલગ–અલગ કેપેસીટીનાં ૧૨ જેટલાં અંડર ગ્રાઉન્ડ સમ્પ છે, જેની કુલ ક્ષમતા ૨૮.૦૦ એમ.એલ.ડી. છે તેમજ વિતરણ કરવા માટે ૬ જેટલી ઈ.એસ.આર. (ઉંચી ટાંકીઓ) છે જેની કુલ ક્ષમતા ૫.૦૦ એમએલડી છે. હાલ અમરેલી નગરપાલિકા તરફથી વરૂડી વોટર વર્કસ ખાતે કુલ–૪ નંગ બોર તથા ભકિતનગર વોટર વર્કસ ખાતે કુલ–૨ નંગ બોર તથા સબમર્સીબલ પમ્પ કાર્યરત છે. શહેરનાં લોકોને પાણીની પાઈપલાઈન ઉપરાંત ૨૪૭ જેટલાં સેન્ડપમ્પ તથા ૬૨ જેટલાં સીંગલ ફેઝ સબમર્સીબલ પમ્પ કાર્યરત છે.

આગામી ઉનાળાની સીઝનમાં પાણીની અછતને પહોંચી વળવા માટે અમરેલી નગરપાલિકા તરફથી અલગ–અલગ વોટર વર્કસ ખાતે કુલ–૧૩ નંગ બૌર કરવાનું આયોજન કરવામાં આવેલ છે તેમજ સરકારમાં ઠેબી ડેમ તથા વડી ડેમ સૌની યોજનાનાં પાણી મારફત ભરવા માટે દરખાસ્ત પણ કરવામાં આવેલ છે. આથી આ ઉનાળાની સીઝનમાં શહેરનાં લોકલ સ્ત્રોતમાં પાણી રહે અને શહેરના જળસ્તર પણ જળવાઈ રહે તે માટે આયોજન કરવામાં આવેલ છે.

હાલ શહેરમાં બે દિવસનાં ગેપથી પાણી પુરવઠા વિતરણ કરવામાં આવી રહેલ છે જેથી આ ગેપમાં ઘટાડો થાય તે માટે શહેરમાં હિરકબાગ ખાતે તથા વલ્લભનગર ખાતે નવા બે વોટર વર્કસ કાર્યરત કરવા માટેની કામગીરી પ્રગતિ હેઠળ છે, જે આગામી ટુંક સમયમાં પુર્ણ થવામાં આવનાર છે. જેથી પાણી પુરવઠા દિવસોમાં ઘટાડો થશે અને શહેરમાં નિયમીત રીતે પાણી પુરવઠા વિતરણ કરવામાં આવશે તેમ પાલિકા પ્રમુખે અંતમાં જણાવેલ હતું.

આ અંગે અમરેલી નગરપાલિકા નેતા વિપક્ષ નેતા સેજલબેન પ્રહલાદભાઈ સોલંકીએ જણાવેલ કે, અમરેલી પાલિકાના શાશકો દ્વારા ઉનાળા પહેલાં પાણી માટેનું કોઈ આગોતરૂં આયોજન નહીં કરતાં અમરેલી શહેરને ૨૨ એમ.એલ.ડી.ના સ્થાને માત્ર ૧૬ એમ.એલ.ડી. પાણી મળે છે. જેનાથી અમરેલી શહેરમાં ઉનાળાના પ્રારંભે જ પાણી માટે દેકારો શરૂ થયો છે અને ચાર દિવસે પીવાનું પાણી પાલિકા દ્વારા વિતરણ કરવામાં આવે છે.

અમરેલી જિલ્લા વિકાસ સમિતિના આગેવાન રાજેશ ગાંધીએ જણાવ્યું હતું કે, કોઈપણ શહેરના વિકાસ માટે પાણી અને બ્રોડગેજ રેલ્વે લાઈન ખુબ જ મહત્વની છે. પરંતુ કમનસીબે આઝાદીના આટલાં વર્ષો પછી પણ જિલ્લા કક્ષાના અમરેલીમાં બ્રોડગેજ રેલ્વે લાઈન નથી અને આજે પણ અમરેલીની દોઢ લાખની જનતાને આજે ચાર દિવસે પાલિકા પાણી વિતરણ કરી શકે છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લા વિકાસ સમિતિ દ્વારા અમરેલી કલેકટરને આવેદનપત્ર પાઠવી અને ત્રણ ચાર દિવસે પીવાનું પાણી વિતરણ થાય છે તેના બદલે દરરોજ પાણી વિતરણ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવેલ છે.

અમરેલી નગરપાલિકા દ્વારા બે વર્ષ પહેલાં પાણી વેરા તથા મિલકત વેરામાં ધરખમ વધારો ઝીંકયો છે. તેમ છતાં પણ શહેરને રોજ શુધ્ધ પાણી આપી શકતી ના હોવાના કારણે લોકો અમરેલી આવતાં પણ ડરી રહયા છે.

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

**અરજદાર :** શ્રી યુસુફભાઈ અલીભાઈ ચોટલીયા — અપીલ અરજી નં. ૩૫/૨૦૨૫
સરનામું : રહે. રાંઢીયા, તા. જિ.અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.રાંઢીયા, તા./જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના રાંઢીયા ગામમાં અરજદારશ્રી **યુસુફભાઈ અલીભાઈ ચોટલીયા** તેઓના પુત્રી **સુહાના યુસુફભાઈ ચોટલીયા**ની **જન્મ (તા.૧૨/૦૪/૨૦૧૮)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. <u>૦૮–૦૪–૨૦૨૫</u> ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૧ | ૧૦૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૩ | તલ પીળા | ૧૯૨૫ | ૧૯૨૫ |
| ૪ | કપાસ | ૧૧૧૧ | ૧૫૦૧ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૬૮ |
| ૭ | જુવાર | ૬૩૧ | ૯૬૧ |
| ૮ | અડદ | ૧૨૨૫ | ૧૫૩૫ |
| ૯ | તુવેર | ૧૧૬૦ | ૧૨૨૫ |
| ૧૦ | ચણા | ૯૩૧ | ૧૦૮૬ |
| ૧૧ | રાય | ૯૨૦ | ૯૪૦ |
| ૧૨ | ધાણા | ૮૭૦ | ૧૩૦૦ |
| ૧૩ | મેથી | ૮૯૦ | ૧૩૦૧ |
| ૧૪ | એરંડી | ૯૦૦ | ૧૧૨૨ |

# જનતા જનાર્દનની સમસ્યાને ગંભીર સમજી તેનું નિરાકરણ કરવાને બદલે અધિકારીઓ ગીત ગાયા કરે અને પદાધિકારીઓ વાહ વાહ કર્યા કરે

### જનપ્રતિનિધિઓ ૧૦૦ ટકા તરફેણ નહી કરે ત્યાં સુધી જનતાનાં પ્રશ્નોનું નિરાકરણ થવાનું નથી

### જનતાને નાની થી લઈને વિકરાળ સમસ્યાઓ હોય તો અધિકારી તેને સામાન્ય જ ગણે

### અધિકારીઓ કામ મંજુરી માં છે, સાહેબની સહીમાં છે,બધુ જ ઓકે હોવાનાં ગીત ગાયા કરે

### મોટા ભાગનાં જનપ્રતિનિધીઓ લોકશાહી શાસન વ્યવસ્થા શું છે તે સમજી શકતા નથી

અમરેલી, તા.૧૭

ભારત દેશમાં હજારો વર્ષ બાદ વર્ષ ૧૯૪૭ માં આઝાદીના લડવૈયાઓ વર્ષોનાંસંઘર્ષબાદ લોકશાહી શાસન વ્યવસ્થાનું સ્થાપન થયું અને બંધારણનાં ઘડવૈયાએ લોકશાહી એટલે લોકો માટે લકો દ્વારા અને લોકોનું શાસન તેવું નક્કી કરેલ.

પરંતુ, આજે આઝાદીનાં ૭૮ વર્ષબાદ લોકશાહી દેશ ભારતમાં લોકોનું શાસન ચાલે છે. તે અંગે વિચાર કરવાનો સમય આવી ચુકયો છે. દેશનાં કરોડો લોકોને માત્ર મતદાર તરીકે ગણવામાં આવી રહયા છે. અને લોકોની સંખ્યા એકથી લઈને એક કરોડ સુધી હોય અને તેની કોઈ માંગ હોય તો તેનો મોટા ભાગે સ્વીકાર કરવાને બદલે લોકોને અવળે માર્ગે ચડાવી દેવાનો પ્રવાસ હંમેશાની સરકાર કરતી આવેછે.

આજે સરકારી કચેરીઓમાં બિરાજમાન નાનામાં નાના કર્મચારીથી લઈને મોટા – મોટા અધિકારીનો પગાર, ભથ્થા, સહિતની તમામ સુવિદ્યાઓ લોકો જે કરવેરા સરકારી તિજોરીમાં જમા કરાવે છે. તેનાથી થાય છે. છતાં પણ આજનાં લોકોને જુદા જુદા સરકારી વિભાગોમાં જતાં પહેલા સોવાર વિચાર કરવો પડે છે. કે ત્યાં મને સરખો જવાબદ તો મળશેને મારૂ કામ તો થઈ જશેને ?

કારણ કે ઘણી વખત પોલીસ, પાલિકા, મહેસુલ, પંચાયત આર.ટી.ઓ. સહિતના વિભાગોમાં બિરાજમાન અમુક કર્મચારી અરજદારને અવળે માર્ગે ચડાવવતા જોવા મળી રહયા છે.

કોઈ આમ આદમીને નાની–મોટી સમસ્યા, હોય કે સમગ્ર ગામ, શહેરનાં લોકોને અનિયમિત વીજળી મળતી હોય, પીવાનું પાણી મળતું ન હોય, શિક્ષણ અને આરોગ્યની સુવિદ્યા ન હોય, માર્ગો બિસ્માર હોય, અનિયમિત એસ.ટી.બસની સમસ્યા હોય કે અન્ય કોઈ સમસ્યા હોય તો તેનું ઝડપથી નિયમ મુજબ કામ કરી આપવામાં આવતું નથી. તેવી અનેક ફરિયાદો ઉભી થતી જોવા મળી રહી છે.

ઘણી વખત અમુક ભ્રષ્ટ કર્મચારીઓ અવનવા બહાના તળે કામ કરી આપતા નથી અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નાણાની માંગણી કરે. જો નાણા આપી દેવામાં આવે તો ફટાફટ કામ પૂર્ણ થઈ જાય લોકશાહી શાસન વ્યવસ્થામાં સરપંચથી લઈને સાંસદ સુધીના પદાધિકારીઓએ જનતાની ચિંતા કરવાની હોય છે. પરંતુ ઘણા પદાધિકારીઓ અધિકારીઓની તરફેણ કરીને તેના વિસ્તારની જનતાનાં પ્રશ્નોનું નિરાકરણ કરતા નથી ત્યારે, લોકશાહી શાસન વ્યવસ્થા માટે સહીઓથી લડતાં આપણા આઝાદીના લડવૈયાનાં આત્માને અચુક પરેશાની થતી હશે.

અધિકારીઓ જનતાનાં વ્યાજબી પ્રશ્નનો એવા સરસ જવાબ આપી દે છે. પદાધિકારી તે અધિકારીની વાહ વાહ કરતો પણ જોવા મળી રહયા છે. તે બાબત લોકશાહી માટે યોગ્ય નથી.

---

### તસ્કરોએ પોલીસને આપ્યો ખુલ્લો પડકાર

# રાજકોટમાં ઘડિયાળના શોરૂમમાંથી ૭૦ લાખની ચોરી

### આ બનાવને લઈને હાલ પોલીસ પણ એક્શન મોડમાં આવી ગઈ છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

રાજકોટ,તા.૧૭

રાજકોટ શહેરની મધ્યમાં આવેલા ત્રિકોણબાગ સેલના પેટ્રોલ પંપની બાજુમાં આવેલી રાધિકા ઘડિયાળના શોરૂમમાં બુધવારના રોજ વહેલી સવારે ૨૩ જ મિનિટમાં તસ્કર દ્વારા શોરૂમમાં રહેલ ૧૦૨ જેટલી જુદી જુદી કંપનીની ૬૮,૮૩,૧૫૦ રૂ.ની કિંમતની ઘડીયાળ તેમજ ૪ લાખ રૂપિયા રોકડ સહિત કુલ ૭૦ લાખ રૂપિયાથી વધુની માલમત્તાની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. બનાવની જાણ થતા રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, ડીસીપી ઝોન ૨, ડીસીપી ક્રાઈમ તેમજ એ ડિવિઝન પોલીસ, ડિપાર્ટમેન્ટ ઓફ ક્રાઈમ બ્રાન્ચ તેમજ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ સહિતની ટીમો ઘટના સ્થળ ખાતે દોડી ગઈ હતી.સમગ્ર મામલે ૪૨ વર્ષીય રવિ ચોટાઈ નામના શોરૂમ માલિક દ્વારા એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ બીએનએસની કલમ ૩૦૫, ૩૩૧(૩), ૩૩૧(૪) સહિતની કલમ હેઠળ ગુનો નોંધાવામાં આવ્યો છે. પોલીસને આપેલી ફરિયાદમાં રવિ ચોટાઈ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, અજાણ્યા વ્યક્તિએ શોરૂમમાં ગેરકાયદેસર પ્રવેશ કરીને નેબ્યુલા કંપનીની ૧૯ ઘડિયાળ અંદાજિત કિંમત ૪૫,૫૩,૫૦૦રૂ., જાયલ્સ કંપનીની ૩૪ ઘડિયાળ અંદાજિત કિંમત ૯,૯૪,૬૫૦રૂ., રાગા કંપનીની ૧૬ કાંડા ઘડિયાળ અંદાજિત કિંમત ૨,૪૦,૦૦૦રૂ., સિકો કંપનીની ૧૬ કાંડા ઘડિયાળ અંદાજિત કિંમત ૬,૪૦,૦૦૦ રૂ., ગેસ કંપનીની ૧૭ કાંડા ઘડિયાળ અંદાજિત કિંમત ૨,૫૫,૦૦૦રૂ., આમ કુલ મળીને ૧૦૨ જેટલી કાંડા ઘડિયાળની ચોરી થવા પામી છે. તેમજ રોકડ ચાર લાખ રૂપિયાની પણ ચોરી થવા પામી છે. વધુમાં શોરૂમના માલિકે જણાવ્યું કે, સવારે મારા ઓફિસ સ્ટાફ દ્વારા મને વાત કરવામાં આવી હતી કે ડિસ્પ્લેના ખાનામાં રાખવામાં આવેલી ઘડિયાળો તેમની જગ્યાએ જોવા નથી મળી રહી. તેમજ કાઉન્ટરના ડ્રોવરમાં રાખવામાં આવેલા રોકડા રૂપિયા પણ જોવા નથી આવી રહ્યા તે બાબતે તપાસ કરવામાં આવતા ૧૦૨ જેટલી ઘડિયાળ તેમજ ચાર લાખ રૂપિયા રોકડની ચોરી થવા પામી હતી.

મીડિયા સાથેની વાતચીતમાં એસીપી સાઉથ વિભાગ બી.જે.ચૌધરી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ચોરીનો બનાવ સવારના ૪:૪૨ થી ૫:૦૫ મિનિટ દરમિયાન બન્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં શોરૂમમાં માત્ર એક જ તસ્કરે પ્રવેશ કરીને માત્ર ૨૩ મિનિટમાં લાખો રૂપિયાની માલમત્તાની ચોરી કરી હોય તેવું સામે આવ્યું છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં ૬૬ લાખથી વધુ રૂપિયાની ૧૦૨ જેટલી મોંઘી દાટ ઘડિયાળો તેમજ ચાર લાખ રૂપિયા રોકડની ચોરી થવા પામી છે. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ હોવાનું પણ સામે આવ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ચારથી પાંચ જેટલા વ્યક્તિઓ દ્વારા રોડ ઉપર ધ્યાન રાખવામાં આવી રહ્યું હોવાનું પણ સામે આવ્યું છે. ત્યારે બનાવો સંદર્ભે પોલીસ દ્વારા એફએસએલ, ડોગ સ્ક્વોડ તેમજ ફિંગર પ્રિન્ટ વિભાગની પણ મદદ લેવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, પોલીસ દ્વારા શોરૂમમાં લગાવવામાં આવેલા સીસીટીવીનું બેકઅપ પણ મેળવવામાં આવ્યું છે. જેથી કરીને અગાઉ તસ્કરો દ્વારા ક્યારેય પણ શોરૂમ ખાતે મુલાકાત અથવા તો રેકી કરવામાં આવી છે કે કેમ તે બાબતે જાણી શકાય. ચોરી કરનાર તસ્કર ખૂબ જ શાતિર હોવાનું પણ સામે આવ્યું છે.

જેક જેવા સાધન વડે તેણે એક જ વારમાં શોરૂમના શટરનો લોક ખોલીને મેઈન ગેટ દ્વારા જ તેણે શોરૂમમાં પ્રવેશ કર્યો હોવાનું સામે આવ્યું છે. બનાવ સંદર્ભે એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ઘરફોડ ચોરીની ફરિયાદ નોંધવામાં આવી છે.

---

### ૨૫ લાખની સહાય રાજ્ય સરકાર આપશે

# નવી કચેરીઓના બાંધકામ માટેના અનુદાનમાં સરકારે વધારો કર્યો

### પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોના માળખાને વધુ સંગીન બનાવી સુવિધા યુક્ત કચેરીઓના નિર્માણ માટે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે

અમદાવાદ,તા.૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ એવી ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોના માળખાને વધુ સંગીન બનાવી સુવિધા યુક્ત કચેરીઓના નિર્માણ માટે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યની જે ગ્રામ પંચાયતોના પંચાયત ઘર જર્જરીત છે તેવી તેમ જ પંચાયત ઘર વિહોણી હોય તેવી ગ્રામ પંચાયતોને નવીન પંચાયત ઘરના બાંધકામ માટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા અનુદાનમાં માતબર વધારો કર્યો છે.નવીન ગ્રામ પંચાયત ઘર સાથે તલાટી કમ મંત્રી આવાસ પણ બનાવીને ગ્રામીણ સ્તરે તલાટીની નિયમિત ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવાનો પણ ગ્રામ્ય હિતકારી અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ૧૦ હજાર કે તેથી વધુની વસ્તી ધરાવતા ગામોમાં ગ્રામ પંચાયત ઘર નિર્માણ માટે અગાઉ અપાતી ૨૭ લાખ રૂપિયાની યુનિટ કોસ્ટના સ્થાને રૂ.૪૦ લાખની મહત્તમ મર્યાદા નિયત કરી છે.૫ થી ૧૦ હજાર સુધીની વસ્તી વાળા ગામોમાં આવા પંચાયત ઘરો બનાવવા માટેની મહત્તમ યુનિટ કોસ્ટ ૨૨ લાખના સ્થાને રૂ.૩૪.૮૩ લાખ તેમજ ૫ હજારથી ઓછી વસ્તી ધરાવતા ગામો માટે નવીન પંચાયત ઘર નિર્માણ માટે રૂપિયા ૧૭ લાખની સહાયના સ્થાને રૂપિયા ૨૫ લાખની સહાય રાજ્ય સરકાર આપશે.મુખ્યમંત્રીએ રાજ્યના તાલુકા પંચાયતોની કચેરીઓના બાંધકામ માટેની પ્રવર્તમાન અનુદાન સહાયમાં પણ વધારો કરીને રૂપિયા ૩ કરોડ ૧૦ લાખને બદલે પાંચ કરોડ રૂપિયા અથવા મકાન નિર્માણમાં થયેલ ખરેખર ખર્ચ એ બે માંથી જે ઓછું હોય તે રકમની સહાય આપવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લા પંચાયત કચેરીઓના મકાનના બાંધકામ માટેની યુનિટ કોસ્ટમાં પણ વધારો કર્યો છે. જિલ્લા પંચાયતને તેના નવીન મકાનના નિર્માણ માટે ૩૮ કરોડ રૂપિયાને બદલે બાવન કરોડ રૂપિયા અથવા ખરેખર થયેલ ખર્ચ એમાંથી જે ઓછું હોય તે પ્રમાણે યુનિટ કોસ્ટ અનુદાન રાજ્ય સરકાર આપશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિર્ણયને પરિણામે ગ્રામીણ સ્તરથી લઈને જિલ્લા પંચાયત સ્તર સુધી વધુ સુવિધા સભર કચેરીઓનું નિર્માણ થતાં લોકોને પણ સરળતા થશે અને વધુ સુદ્રઢ સેવા માળખું મળતું થશે.આ નિર્ણયો અંગે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે વિધિવત ઠરાવો પણ જારી કરી દીધા છે.

---

### સરકારી કચેરીઓમાં વીજ વપરાશને લઈને પોલ ખુલ્લી પડી હતી

# નાણા મંત્રી કનુ દેસાઈના હસ્તે કીમ ઔધોગિક વિભાગીય કચેરીનું લોકાર્પણ કરાયું

### દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડની છ વીજ કચેરી રૂ.નવ કરોડના ખર્ચે તૈયાર કરવામા આવી

સુરત,તા.૧૭

સુરતમાં માંગરોળ તાલુકાના લિડિંયાત ગામે નાણા અને ઉર્જા મંત્રી કનુ દેસાઈના હસ્તે કીમ ઔધોગિક વિભાગીય કચેરીનું લોકાર્પણ કરવામા આવ્યું હતું. આ પ્રસંગે નાણામંત્રી કનુ દેસાઈએ સૌને સ્માર્ટ વીજ મીટર લગાવાની અપીલ પણ કરી હતી.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડની છ વીજ કચેરી રૂ.નવ કરોડના ખર્ચે તૈયાર કરવામા આવી. જેમાં મોલવણ,મોટા બોરસરા અને પીપોદરા પેટા વિભાગીય કચેરી કડોદરા-૧ અને કડોદરા ઈન્ડ.પેટા વિભાગીય કચેરીઓના મકાનનું આજે લોકાર્પણ કરવામાં આવ્યું.

સમગ્ર દેશની ૪૨ વીજ કંપનીઓમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની નંબર વન સ્થાને રહી છે. આ કંપનીમાં વીજ લોસ ઓછામાં ઓછો છે. મંત્રી કનું દેસાઈએ સ્માર્ટ મીટરની ઉપયોગીતા જણાવીને સ્માર્ટ મીટર પોતાના ઘરો પર નખાવવા અનુરોધ કર્યો હતો. આ કચેરીઓના નવીન નિર્માણીધીન મકાન થકી કચેરીના વિજલક્ષી સેવાઓ અર્થે મુલાકાત માટે આવતા ગ્રાહકોને, પાર્કિંગ, બેસવા માટેની વ્યવસ્થા, પીવાના પાણીની જેવી પાયાની સુવિધાઓ મળી રહેશે આ લોકપણમાં જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિની પટેલ, ડીજીવીસીએલના કિમ કડોદરા ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.તમામ સરકારી અને સહકારી કચેરીઓના નિર્માણ થકી સ્થાનિક સુવિધાઓને વિસ્તાર આપવામાં તથા લોક આકાંક્ષાઓને સંતોષવામાં વધુ સરળતા રહેશે.સરકાર લોકોને વીજ સુવિધા આપવાની વાતો કરે છે પરંતુ સરકારી કચેરીઓમાં વીજ વપરાશને લઈને પોલ ખુલ્લી પડી હતી. હાલમાં સંદેશ ન્યૂઝ દ્વારા રિયાલિટી ચેકમાં પંચમહાલ સહિત અન્ય સ્થાનો પર સરકારી કચેરીઓમાં વીજ વેડફાટ જોવા મળ્યો. સરકાર દ્વારા વીજળી બચાવોની બૂમો પાડતા લોકોને અપીલ કરવામાં આવે છે પરંતુ સરકારી કચેરીઓમાં કર્મચારીઓ અને સરકારી બાબુઓ હાજર ના હોવા છતાં લાઈટ પંખા અને એસી ચાલુ જોવા મળ્યા.

સરકારી કચેરીઓમાં વીજ વેડફાટના સમાચાર સામે આવ્યા બાદ તંત્ર હરકતમાં આવતા કચેરીઓમાં વીજ બચાવ અભિયાન હાથ ધર્યુ હતું.

---

### ગુજરાતના ખેડૂતો માટે ખુશખબર

# ચણા અને રાયડાના ટેકાના ભાવે ખરીદીની થઈ જાહેરાત

અમદાવાદ,તા.૧૭

ગુજરાતમાં આગામી તા. ૨૧મી એપ્રિલથી ચણા અને રાયડા પાકની ટેકાના ભાવે ખરીદી શરુ થશે. ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે નિર્ધાર સાથે દર વર્ષે ભારત સરકારની પી.એમ. આશા યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. ખેડૂતો નિશ્ચિંત થઈને વિવિધ પાકોનું વાવેતર કરી શકે તે માટે ભારત સરકાર દ્વારા વાવેતર પહેલા જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે.

ચણા અને રાયડાની ખરીદી સંદર્ભે કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે, ભારત સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ની રવિ સીઝન દરમિયાન ચણા માટે રૂ. ૫,૬૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૩૦ પ્રતિ મણ) તથા રાયડા પાક માટે રૂ. ૫,૯૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૯૦ પ્રતિ મણ) ટેકાના ભાવ જાહેર કર્યો હતો. જેથી રાજ્યના ખેડૂતોએ ચણા અને રાયડાનું નિશ્ચિંત થઈને પુષ્કળ વાવેતર કર્યું હતું. ટેકાના ભાવે ચણાના વેચાણ માટે રાજ્યના કુલ ૩.૩૬ લાખથી વધુ ખેડૂતોએ તેમજ રાયડાના વેચાણ માટે રાજ્યના કુલ ૧.૧૮ લાખથી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે.

નોંધાયેલા તમામ ખેડૂતો પાસેથી રાજ્ય સરકાર દ્વારા ચણા માટે નક્કી કરાયેલા ૧૭૯ ખરીદ કેન્દ્રો અને રાયડા માટે નક્કી કરાયેલા ૮૭ ખરીદ કેન્દ્રો ખાતેથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. પ્રાઈઝ સપોર્ટ સ્કીમ હેઠળ ભારત સરકારની મંજૂરી મુજબ રૂ. ૧,૯૦૩ કરોડના મૂલ્યનો કુલ ૩.૩૬ લાખ મેટ્રિક ટન ચણાનો જથ્થો તેમજ રૂ. ૭૬૭ કરોડના મૂલ્યનો કુલ ૧.૨૯ લાખ મેટ્રિક ટન રાયડાનો જથ્થો ખેડૂતો પાસેથી ખરીદવામાં આવશે.

---

# ગાંધીનગરમાં તપોવન સર્કલ પાસે અકસ્માતની ઘટના સામે આવી

ગાંધીનગર,તા.૧૭

ગુજરાતમાં અકસ્માતની ઘટનામાં ચોંકાવનારો વધારો થઈ રહ્યો છે. ગુરૂવારે (૧૭ એપ્રિલ) ગાંધીનગરમાં તપોવન સર્કલ પાસે અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં કારે ટક્કર મારતા ચાંદખેડાની એક યુવતીનું મોત નિપજ્યું છે.

મળતી માહિતી મુજબ, ગાંધીનગરના તપોવન સર્કલ પાસે પૂરપાટ ઝડપે આવતી કારે એક યુવતીને ટક્કર મારી હતી. સમગ્ર ઘટનાનો સીસીટીવી વીડિયો પણ વાઈરલ થઈ રહ્યો છે. સીસીટીવીમાં જોવા મળી રહ્યું છે કે, પૂરપાટ ઝડપે કાર આવી રહી છે. કારચાલક ગાડી પરથી પોતાનો કાબૂ ગુમાવતો કાર ડિવાઈડર કૂદીને સર્વિસ રોડ પર આવે છે અને એક યુવતીને અડફેટે લઈ લે છે. જેમાં યુવતીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. મળતી માહિતી મુજબ, મૃતક યુવતી અમદાવાદના ચાંદખેડા વિસ્તારની રહેવાસી છે. જોકે, આ મામલે કાર ચાલક સામે ગુનો દાખલ થયો છે કે કેમ તે વિશે કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી. નોંધનીય છે કે, ૧૫ એપ્રિલના રોજ સાંજે ૬ વાગ્યાના સુમારે તપોવન સર્કલથી ઝુંડાલ તરફ જતા રસ્તા પર (GJ-૦૧-WF-૬૪૩૬) નંબરની હોન્ડા અમેઝ કારે ચાંદખેડાની જ એક ૨૫ વર્ષીય યુવતીને અડફેટે લીધી હતી. આ ગંભીર અકસ્માતમાં તેનું પણ મોત નિપજ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં એક દિવસમાં આ ચોથો અકસ્માત છે. વહેલી સવારે હિંમતનગરથી માતાના મઢે દર્શન કરવા રીક્ષામાં જઈ રહેલા શ્રદ્ધાળુને સમી-રાધનપુર હાઈવે પર અકસ્માત નડ્યો હતો. સમી નજીક આવેલી હોટલ પાસે બસે રીક્ષાને અડફેટે લેતાં રીક્ષાનો કચ્ચરણખાણ વળી ગયો હતો અને રીક્ષામાં સવાર તમામ પથી વધુ શ્રદ્ધાળુઓના મોત નીપજયા હતા. આ સિવાય મોરબીના માળિયામાં બોલેરો પીકઅપ પલટી જતાં તેમા સવાર ૧૨થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે અને ૨ લોકોના નિપજ્યા હતાં. તેમજ વહેલી સવારે હિંમત-નગર નેશનલ હાઈવે પર પણ એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. જેમાં પીકઅપ વાહને બાઈકને અડફેટે લેતાં બાઈકમાં સવાર પતિ-પત્ની ભોગ બન્યા હતાં. અકસ્માતમાં પત્નીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

---

### અમદાવાદમાં ગરમીનું પ્રમાણ સતત વધી રહ્યું છે

# DEOની પ્રાયમરી સ્કૂલોને સૂચના, બપોરે ૧૨ વાગ્યા સુધી શિક્ષણ કાર્ય પૂર્ણ કરો

### બાળકોને લૂ લાગે નહીં અને તેમનું આરોગ્ય સચવાઈ રહે તે ડીઈઓ રોહિત ચૌધરીએ શહેરની તમામ સ્કૂલોને સૂચના આપી

અમદાવાદ,તા.૧૭

ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત છે. હવામાન વિભાગે કચ્છ-સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં હીટવેવની આગાહી કરી છે.તે ઉપરાંત રાજકોટ અને કચ્છમાં યલો એલર્ટ સાથે હિટવેવની આગાહી કરવામાં આવી છે. અમદાવાદમાં ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધીનું તાપમાન રહેશે. આગ ઝરતી આ ગરમીમાં સ્કૂલોમાં ભણતા નાના ભૂલકાઓને લઈને અમદાવાદ શહેર ડીઈઓએ સ્કૂલોને કડક સૂચના આપી છે. શહેરની સ્કૂલોને બપોરે ૧૨ વાગ્યા પહેલા શૈક્ષણિક કાર્ય પૂર્ણ કરવા સૂચના આપી છે.અમદાવાદમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રી વટાવી જતાં આગઝરતી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે પ્રાથમિક વિભાગમાં ભણતા નાના બાળકોને લૂ લાગે નહીં અને તેમનું આરોગ્ય સચવાઈ રહે તે માટે અમદાવાદ શહેર ડીઈઓ રોહિત ચૌધરીએ શહેરની તમામ સ્કૂલોને સૂચના આપી છે કે,૧૨ વાગ્યા સુધીમાં શૈક્ષણિક કાર્ય પૂર્ણ કરવું પડશે. ૧૨ પછી શૈક્ષણિક કાર્ય ચાલુ રહેશે તો કાર્યવાહી કરવામાં આવશે.શિક્ષણ અધિકારી રોહિત ચૌધરીએ કહ્યું હતું કે, અમદાવાદમાં ગરમીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. જેના કારણે નાના બાળકોને કોઈ તકલીફ ના થાય તેથી તમામ સ્કૂલોને પ્રાથમિક વિભાગમાં ભણતા બાળકોનું શૈક્ષણિક કાર્ય બપોરે ૧૨ વાગ્યા પહેલા પૂર્ણ કરી દેવા સૂચના આપી દેવાઈ છે. બપોરે ૧૨ વાગ્યા સુધીનું તાપમાન બાળકો સહન કરી શકે તેવુ માની શકાય છે. જો કોઈ શાળા બપોરે ૧૨ વાગ્યા પછી પ્રાથમિક શિક્ષણ ચાલુ રાખશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.

હવામાન વિભાગે કચ્છ- સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં યલો એલર્ટ સાથે હિટવેવની આગાહી કરી છે. રાજકોટ અને કચ્છમાં યલો એલર્ટ અને હીટવેવની આગાહી કરવામાં આવી છે.અમદાવાદમાં ૪૨ ડિગ્રી સુધી તાપમાન પહોંચશે. જેથી લોકોને કાળઝાળ ગરમીમાં શેકાવું પડશે. ૨૧ એપ્રિલથી ગરમીમાં આંશિક રાહત મળશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ગરમી ઓછી થશે.

---

# ૧૯ એપ્રિલે ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રો સેવા બંધ રહેશે

અમદાવાદ,તા.૧૭

રાજ્ય સરકાર નાગરિકોને નવી નવી સુવિધાઓ મળે તે માટે હંમેશા અગ્રેસર રહે છે. ત્યારે ગાંધીનગર-અમદાવાદ અવરજવર કરતા લોકો માટે મેટ્રો સેવા પણ શરૂ કરવામાં આવી છે અને હજારોની સંખ્યામાં લોકો આ સેવાનો ઉપયોગ કરે છે. ૧૯ એપ્રિલે મેટ્રો સેવા થોડોક સમય માટે બંધ રહેશે. સવારે ૮:૦૦થી બપોરે ૧૨.૩૦ વાગ્યા સુધી મેટ્રો સેવા બંધ રહેશે. મોટેરાથી ગાંધીનગર સેક્ટર ૧ સુધીનો મેટ્રોનો રૂટ બંધ રહેશે. મેટ્રો સેવા બંધ રાખવા પાછળનું કારણ એ છે કે આ સમય દરમિયાન મેટ્રોના ઈન્સ્પેક્શનની કામગીરી હાથ ધરાશે અને તેના કારણે રૂટ બંધ રહેશે. જો કે બપોરે ૧૨.૩૦ વાગ્યા બાદ નાગરિકો મેટ્રોનો ઉપયોગ કરી શકશે.

ઉલ્લેખનીય છે કે અમદાવાદ શહેરમાં તો મેટ્રો સેવા રાબેતા મુજબ ચાલશે. માત્ર ગાંધીનગર-અમદાવાદ મેટ્રો સેવા જ ઈન્સ્પેક્શન દરમિયાન ૪ કલાક માટે બંધ રહેશે.

૪ એપ્રિલે અમદાવાદ મેટ્રો ટ્રેનમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. થલતેજથી વસ્ત્રાલ તરફ જતી મેટ્રોમાં ખામી સર્જાઈ હતી. ટેક્નિકલ ખામીના કારણે મુસાફરોને કાલુપુર સ્ટેશને ઉતારવામાં આવ્યા હતા. અન્ય ટ્રેનમાં મુસાફરોને રવાના કરવામાં આવ્યા હતા. જો કે થોડા સમય બાદ મેટ્રોના બંને તરફના રૂટ ચાલુ કરી દેવામાં આવ્યા હતા.

---

# AMCએ વૃક્ષારોપણના નામે ૨૩ કરોડનો ધુમાડો કર્યો

અમદાવાદ,તા.૧૭

એક તરફ દિવસે દિવસે આકરી ગરમી પડી રહી છે અને બીજી તરફ વિકાસના નામે અનેક વૃક્ષોના નિકંદન નીકળી રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મિશન મિલિયન ટ્રી ના નામે પ્રોજેક્ટ ચલાવે છે, પરંતુ તેની પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો થઈ રહ્યો છે.

વિપક્ષ દ્વારા આરોપ લગાવવામાં આવ્યો છે કે છેલ્લા ૩ વર્ષમાં સત્તાધારી પક્ષ દ્વારા શહેરમાં અલગ અલગ સ્કીમના નામે ૭૦ લાખથી વધારે વૃક્ષ રોપ્યા જે પૈકી ૨૬ લાખ ૮૩ હજાર જેટલા વૃક્ષ બળીને ખાક થઈ ગયા છે એટલે કે લગભગ ૬૬ ટકા જેટલો જ સકસેસ રેશિયો થયો. આ ત્રણ વર્ષમાં મનપાએ વૃક્ષના વાવેતરના નામે ૬૬ કરોડનો ખર્ચ કર્યો એટલે કે એક વૃક્ષ પાછળ ૯૩ રૂપિયા જેટલો ખર્ચ થયો અને નુકસાનની વાત કરીએ તો આશરે ૨૩ કરોડનું નુકસાન થયું, મનપા ઘણા કિસ્સામાં માત્ર સિંગલ ટેન્ડર આધારે કરોડો રૂપિયાના કામ આપી રહી છે જે નિયમ વિરુદ્ધ છે. સરકારના આંકડા મુજબ તો વૃક્ષારોપણમાં ૬૦ ટકા જ સકસેસ રેશિયો છે. આટલો માતબર ખર્ચ કર્યા બાદ પણ વૃક્ષો બળી રહ્યા હોવાના આરોપને નકારવામાં આવી રહ્યા છે. આ તો માત્ર વૃક્ષારોપણની વાત થઈ અને જેમાં કરોડો રૂપિયાનું આંધણ કરવામાં આવી રહ્યું છે. ઉદ્દેશ ચોક્કસ સારો છે, પરંતુ અયોગ્ય પદ્ધતિ અને કાળજીના અભાવના કારણે લાખોની સંખ્યામાં વૃક્ષ બળી રહ્યા છે અને કરોડો રૂપિયાનો ધુમાડો થઈ રહ્યો છે બીજી રીતે જોઈએ તો લોકોના ટેક્ષના પૈસાના સૂકા લાકડાના ઠુંઠા થઈ રહ્યા છે.





## એક સમયે ૧૫ દિવસે અને હવે દર ૪–૫ દિવસે થાય છે પાણી વિતરણ

# અમરેલીને આઝાદીનાં ૭૮ વર્ષ બાદ દરરોજ પાણી મળતુ નથી

**શહેરમાં પાંચ સ્થળોથી પાણી વિતરણ થાય છે અને બે સ્થળે કામ શરૂ છે**

**જિલ્લા મથકને દરરોજ પાણી મળે તેવી કામગીરી એક વર્ષમાં પૂર્ણ થાય તેવું લાગતુ નથી**

**હિરકબાગમાં ગોકળ ગાયને પણ શરમ આવે તે રીતે ઓવરહેડ ટેન્ક અને સમ્પની કામગીરી શરૂ છે**

**એકપણ દિગ્ગજ જનપ્રતિનિધિ શહેરને નિયમિત પાણી મળે તે માટે સક્રીય જોવા મળતા નથી**




અમરેલી, તા. ૧૭

અમરેલી શહેરમાં સ્થાનિક પાલિકા પાસે પીવાના પાણી માટેના કાયમીસ્ત્રોતઉપલબ્ધનાહોવાનાકારણે અમરેલીનાશહેરીજનોનેપીવાનાપાણી માટેકાયમીનર્મદાનાપાણીઉપરનિર્ભર રહેવુંપડતુંહોય.ત્યારેઅમરેલીશહેરને હાલમાં ઉનાળાના દિવસોમાં સરેરાશ પાણીની વપરાશમાં વધારો થયો હોય ત્યારે જ નર્મદાની કેનાલમાંથી પાણી ઓછું આવતું હોય છે. ત્યારે હાલમાં નાવડા કેનાલમાં પાણીનું લેવલ ઘટી જવાનાકારણેછેલ્લાએકઅઠવાડિયાથી અમરેલીમાં દરરોજ ૨૨ એમ.એલ.ડી. જેટલા પાણીની જરૂરિયાત સામે માત્ર ૧૩એમ.એલ.ડી.પાણીમળતુંહોવાના કારણેઅમરેલીમાંઉનાળોવધુકાળઝાળ લાગી રહયો છે અને ત્રણ દિવસે મળતું પાણીહવેચારદિવસેમળેછે.આગામી દિવસોમાં કોઈપણ કારણોસર જો નર્મદાનું પાણી મળવાનું બંધ થાય તો અમરેલીશહેરનીલગભગદોઢલાખથી વધુ વસ્તી ધરાવતા શહેરમાં પાણીની મોકાણ થઈ શકે છે.

હાલમાં અમરેલી શહેરની અંદાજે દોઢ લાખ જેવી વસ્તી છે જેને

અનુસંધાન પાના ૬ ઉપર

## લુખ્ખા તત્વોને ભાજપ સરકારનાં ગૃહમંત્રીનો કોઈ ડર રહ્યો નથી

# દામનગર પંથકમાં અસામાજિક પ્રવૃત્તિ સામે સેવાકીય સંસ્થાઓએ આક્રમક બનવાનું મન બનાવ્યું

**સ્થાનિક પોલીસની નિષ્ક્રીયતાથી શહેરીજનો ઉકળી ઉઠયા**

દામનગર, તા. ૧૭

દામનગર શહેર માં છેલ્લા ઘણા સમય થી કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી વધતી જતી અનિષ્ઠ પ્રવૃત્તિ સામે વ્યાપક રોષ ઉભો થયો હોય આગામી દિવસોમાં સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓએ યુવા આર્મી ટીમના નેતૃત્વમાં બેઠક બોલાવશે સુરત મુંબઈ અમદાવાદ રાજકોટ કે અન્ય શહેરોમાં રહેતા વતન પ્રેમીઓએ ચિંતા વ્યક્ત કરી સરકારમાં રજુઆત કરવા એક સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન કરાશે તંત્ર અને નેતા ઓની નિષ્ક્રિયતા અંગે ખેદ વ્યકત કરાશે.

દારૂ જુગાર વરણી મટકા સંચાલકો ને ત્યાં શ્રમિક પરિવારની સાયકલ ટુ વહીલ ઘરવખરી સરસમાન ગીરવે મૂકી દારૂ પિતા નસેડીઓના પરિવાર કફોડી હાલત એક જ ઘરના બેત્રણ યુવાન દીકરાઓ દારૂના કારણે મોત ને ભેટ્યા હોવા અને અનેક કિસ્સાઓમાં નિરાધાર બનેલ પરિવારોમાં કાળો કેર કડક પોલીસ અધિકારીની નિમણૂકની માંગ સરકાર સમક્ષ કરશે ખુલ્લે આમ પાઈપો લઈને ફરતાં લુખ્ખા સામે વ્યાપક રોષ ગેરકાયદેસર મકાનો બાંધી ગેરકાનૂની પ્રવૃત્તિ થતી હોય આવા દબાણો દૂર કરો સત્તાધારી પાર્ટી એ જરા પણ માનવતા હોય તો આવા દબગો ને હોદા ઊપર થી દુર કરવા જોઈએ કોઈ પણ સમાજમાં સૌથી વધુ ખરાબ હાલત નાના શ્રમિક પરિવારના મહિલા બાળકોની થઈ રહી છે રોજે રોજનું પેટિયું રળતા શ્રમિક પરિવારોમાં મુખ્ય વ્યક્તિ દારૂ જુગાર વરલીની લતે ચડીને પોતા ના પરિવાર ને બરબાદ કરતા હોવા થી મહિલા અને બાળકો લાચાર બની રહ્યા છે ત્યારે શહેરની તમામ સામાજિક સ્વૈચ્છિક ધાર્મિક સંસ્થા ઓએ સરકારમાં અનેક મુદ્દે રજુઆત કરશે ૧૦ દિવસ પહેલાના બનાવમાં પોલીસે કોઈ આરોપીની ધરપકડ નથી કરી પાલિકાના સત્તાધીશોની ભલામણ થી કામ કરતી પોલીસે બંધારણ હેઠળ કામ કરવું જોઈ એ પાઈપો લઈ જાહેર રોડ ઉપર આ મારા મારવા ના બનાવ થી નજરે નિહાળનાર દિવસો સુધી ઉંઘી શક્યા નથી ઢોર ને પણ કોઈ આવી રીતે મારતા કયારેય કોઈ જોયું નથી સમગ્ર શહેરમાં શાકભાજી લેતી મહિલાઓથી લઈ દરેક નાની મોટી જગ્યા એ આ લુખ્ખાઓના ભયંકર કાંડની ચર્ચાઓ થઈ રહી છે ત્યારે કડક પોલીસ અધિકારી મારફતે તમામની સામે સખત કાર્યવાહીની માંગ થઈ છે.

ભયભીત શહેરીજનો ને ભય મુક્ત કરવા લુખ્ખાઓની શાન ઠેકાણે લાવવી જોઈ એ અનિષ્ઠ પ્રવૃત્તિ ઓના અડ્ડા ઉપર પોલીસ કાર્યવાહી નહિ કરે તો વિવિધ સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓના સંગઠન દ્વારા જનતા રેડ માટે જાગૃતિ અભિયાન ચલાવી મહિલા સહિત સામુહિક રેડ કરી અનિષ્ઠ પ્રવૃત્તિ ઓ બંધ કરાવશે કુકવાયા પરિવાર ઉપર થયેલ હિંસક હુમલો એ ગાય ઉપર હુમલા સમાંતર છે દરેક સમાજમાં ભારે નારાજગી ઉભી થઈ છે પોલીસ પ્રશાસન દ્વારા ફરિયાદી સાથે આરોપી જેવું વર્તન પોલીસ સાથે આવા અનિષ્ટ તત્વોના ઘનિષ્ઠ સંપર્ક અંગે ઉચ્ચ અધિકારીઓ તપાસ કરવી જોઈ એ દારૂ જુગાર વરલી માટે વાહનો ઘરવખરી ગીરવે મૂકી પરિવાર માટે આફત નોતરતા લુખ્ખા સામે સૌ ચુપ કેમ કોઈપણ ફરિયાદ પૂછી ને પછી લેવાની પદ્ધતિ સામે ભારે નારાજગી છેલ્લા ૧૦ દિવસ થી પીડિત પરિવાર હોસ્પિટલના બિછાને છે પીડિત પરિવારની અતિ ગંભીર સ્થતિ અરેરાટી ઉપજાવતી આ ઘટનામાં પોલીસની ભૂમિકા સામે અનેક સવાલ ઉભા થઈ રહ્યા છે રાજયના મુખ્ય મંત્રી, ગૃહ મંત્રી સહિત જિલ્લા કલેકટરને પ્રતિનિધિ મંડળ મળશે.

## સામાન્ય બાબતને લઈને માથાકુટ

# અમરેલીની ફોરવર્ડ હાઈસ્કુલનાં પંટાગણમાં વિદ્યાર્થીઓ વચ્ચે બઘડાટી બોલી

**સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૧૭

અમરેલીના નાના આકડીયા પ્લોટ વિસ્તારમાં રહેતા તરૂણ વિદ્યાર્થીને તથા તેમના મિત્ર વૈરાગ્યને અમરેલીમાં રહેતા આરોપી મોહિનના ભાઈઓ અયાન અને અરમાન સાથે ગઈ તા.૧૧ના રોજ બોલાચાલી થતા મારામારી થયેલ હતી જેથી આરોપી મોહિનને એવી શંકા હોય કે તેના ભાઈઓને વિદ્યાર્થીએ મારેલ હોય તે વાતની શંકા રાખી તરૂણ વિદ્યાર્થી તથા તેમના મિત્ર વૈરાગ્યને આરોપી મોહિન તેમજ ૭ અજાણ્યા માણસોએ તા. ૧૨ના રાત્રીના ૯:૩૦ વાગ્યે ફોરવર્ડ સ્કૂલના ગ્રાઉંડમાં બોલાવી આરોપીએ જેમ ફાવે તેમ ગાળો આપી તથા લાકડી વડે શરીરે માર મારી મુંઢ ઈજા કરી તથા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.


આ બનાવે શહેરભરમાં ભારે ચકચાર મચી જવા પામેલ હોય, જેથી આ ૫ દિવસ પહેલા બનેલી મારામારી અંગેની ઘટનામાં અમરેલી એસ.પી. સંજય ખરાતે જણાવેલ કે, આ બનાવના બન્ને મુખ્ય આરોપીઓને પોલીસે ઝડપી પાડી કોર્ટ હવાલે કર્યા હતા. જયારે આ બનાવના અન્ય ૫ જેટલાં આરોપીઓમાંથી કેટલાંક સગીર વયના હોય જેથી તેમની સામે જુવેનાઈલ એક્ટ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

આ બનાવ બાદ અમરેલી જિલ્લા પોલીસ વડાએ જિલ્લામાં વસતા લોકોને જણાવેલ છે કે, પોતાના બાળકો રાત્રિના સમયે બાઈક લઈને કયાં જાય છે? શું કરે છે ? તેના પર તકેદારી રાખવાનો અનુરોધ કર્યો હતો.

## હીરા ઉદ્યોગમાં અનિયમિત વીજળીનાં પ્રશ્ને

# લીલીયા મોટાનાં પીજીવીસીએલના અધિકારીઓએ સબ સલામત હોવાનાં ગાણા ગાયા

**ભાજપ અગ્રણીઓને પી.જી.વી.સી.એલ.ની કામગીરીથી સંતોષ**



લીલીયા, તા. ૧૭

લીલીયા મોટા પી.જી.વી.સી.એલ કચેરી ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની સુચના અન્વયે લીલીયા તાલુકાના

અનુસંધાન પાના ૬ ઉપર






## રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ કાર્યવાહી

# અમરેલીમાં તમાકુનું નિયમો વિરૂધ્ધ વેચાણ કરનાર વેપારીઓને દંડિત કરાયા

**૮ કેસ નોંધી રૂપિયા ૧૩૫૦નો દંડ વસૂલ કરાયો**



અમરેલી, તા.૧૭

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અને તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ અન્વયે અમલવારી અને જનજાગૃતિ અર્થે જિલ્લા તમાકુ નિયંત્રણ સમિતિ ધ્વારા વિવિધ કામગીરી કરવામાં આવે છે.

અમરેલી જિલ્લા તમાકુ નિયંત્રણ સમિતિ (એન્ફોર્સમેન્ટ સ્કવોડ) ધ્વારા શહેરમાં તમાકુ વિકેતાઓના સ્થળ પર તપાસ, દંડ વસૂલાત કરવામાં આવી હતી.

તમાકુનું વેચાણ કરતાં લારી–ગલ્લા પર તમાકુ વિતરણ અને તેના સેવનને લગતાં જોખમ બાબતે સૂચક બોર્ડ દર્શાવવામાં ન આવ્યા હોય, શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ, તમાકુની બનાવટોનું વેચાણ કરવું, જાહેર સ્થળોએ તમાકુની બનાવટોનું સેવન કરવું, ઈ–સિગારેટનું વેચાણ, સંગ્રહ કે તેના ઉપયોગ કરનાર, તમાકુની બનાવટોની પ્રત્યક્ષ કે પરોક્ષ જાહેરાત આપવી, નિર્દિષ્ટ આરોગ્ય વિષયક ચિત્રાત્મક ચેતવણી વિના તમાકુની બનાવટોનું વેચાણ સહિતની બાબતોને રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અને તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩માં સમાવેશ કરી નાગરિકોમાં તમાકુના ઉપયોગને ટાળવા જાગૃતિ લાવવામાં આવે છે.

જનજાગૃતિલક્ષી આ કાર્યક્રમ અન્વયે જિલ્લા તમાકુ નિયંત્રણ સેલમાં સમાવિષ્ટ અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા, પોલીસ, પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણ,

અનુસંધાન પાના ૬ ઉપર






*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)